પરોપકારાય સતામ્-વિભૂતય.

ૐ અર્હમ્

(૩)

# કામઘટ કથા પ્રબંધ.

અથવા

# કામકુંભ (મંગળકળશ)

લેખક

શાંન્તમૂર્તિ મુનિરાજ શ્રીકર્પૂરવિજયજી
મહારાજ સાહેબ.

મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબના
સદુપદેશથી મળેલ દ્રવ્ય સહાયથી.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન યુવક મંડળ મુ. સાણંદ.

તરફથી

શા. મંગલદાસ બાલચંદ.

તથા

શા. ટોકરસી ત્રીભોવનદાસ.

આવૃત્તી પહેલી. નકલ ૫૦૦૦

વિરસંવત્ ૨૪૪૧ વિક્રમ સંવત ૧૯૭૧ સન ૧૯૧૫

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં-શા. સાંકેલચંદ
હરિલાલે છાપ્યું—અમદાવાદ.

કિમ્મત ૦-૧-૦

# સદ્‌ગ્રન્થોના પ્રચાર અર્થે જૈનપ્રજાને

# બે બોલ.

દિવ્ય પ્રતિભાવંત સત્પુરુષોના હૃદયમાંથી વહેતા જ્ઞાનામૃતના ઝરણાંઓના સંગ્રહ ગ્રન્થો જગતનું અનેકધા હિત સાધે છે. તસ હૃદયોમાં શાન્ત રેડે છે અને મરવા પડેલી દિવ્ય ભાવનાઓને પુનર્જીવન આપે છે, જ્ઞાનીઓના સ્થુલ દેહના વિરહે તેમના અક્ષર દેહનો સમાગમ પણ અત્યંત ઉપકારક નિવડે છે. એવા પુરુષોના અક્ષરદેહરુપ ગ્રંથો એ દેશ પ્રજા અને ધર્મની બેમુલી મીલકત છે. તેને સંભાળ ભરેલી રીતે જાળવી રાખવા, સર્વત્ર વિસ્તારવા અને તેના પરથી યોગ્યતાનુસાર અનુવાદ કરવા; એ દેશ પ્રજા અને ધર્મની ઉત્તમ સેવા બજાવવારૂપ છે.

પોતાના વ્હાલાંઓના પુણ્યાર્થે કે સ્મરણાર્થે વિધિવાદ, અર્થવાદ કે કથાઓના ગ્રન્થો છપાવી તેને વિના મુલ્યે કે અલ્પ મુલ્યે ગામોગામ અને ઘરોઘર ફેલાવવાની જરુર છે. એ જરુરને કાંઇક અંશે પુરી પાડવાને અમોએ ધનવાન અને ઉદાર સજ્જન સ્ત્રી પુરુષોની દ્રવ્યાદિ સ્હાયવડે આચાર અને તત્વના ન્હાના મ્હોટા ગ્રન્થો છપાવી પ્રજામાં હજારોની સંખ્યામાં ફેલાવ્યા છે. હજુ પણ અમારો એજ ઉદ્દેશ છે.

જે જે સજ્જન સ્ત્રી પુરુષોને પોતાના કે પોતાના વ્હાલાંઓના પુણ્યાર્થે સ્મરણાર્થે કે માત્ર પરમાર્થ દાવે એવા ઉત્તમ ગ્રંથો છપાવી પ્રજામાં વ્હેંચાવવા હોય તેમનું કામ અમો નિસ્પૃહ ભાવે કરી આપવાને તૈયાર છીએ. દરેક કુટુંબ તરફથી ન્હાનું કે મ્હોટું એક પણ ઉત્તમ પુસ્તક સર્વત્ર છૂટથી ફેલાવી જગતમાં પોતાની હૈયાતી સફળ કરવી જોઇયે. મદદગારોએ નીચેના શિરનામે પત્ર વ્યવહાર કરવો.

સેક્રેટરી–શ્રી જૈન યુવક મંડળ.
મુ. સાણંદ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

આજકાલ નાના પ્રકારની નોવેલો યા કલ્પિત કથાઓ વાંચી યુવાનીયાએ બહુધા અવળે રસ્તે ચઢી જાય છે. ક્ષણભરની વાંચવાની ઇચ્છા તૃપ્ત કરવા જતાં હિતાહિતનો, લાભાલાભનો કે કૃત્યાકૃત્યનો વિચાર નહિ કરવાથી તે તે નવલકથાઓમાં જે વિષયાદિ રસોનું પોષણ કરવામાં આવ્યું હોય છે, તેની અસર તેણના નાજુક મગજ ઉપર થવા પામે છે, અને તેથી કવચિત્ દૈવયોગે અદ્યાપિ છુપાઇ રહેલી વિષય વાસનાને ઉત્તેજિત કરવાને અને તેમને અવળે રસ્તે ઘસરડી જાવાને તે હથીયાર રૂપ થાય છે. આવી નોવેલોનું વાંચન નવા યુવકોને માટે હિત રૂપ નહિ હોવાથી તેમની વાંચનવૃત્તિને બીજે સારે રસ્તે દોરવવાની-વાળવાની જરૂર રહે છે. એવા ઉત્તમ આશયથી જ જૈનાચાર્યોએ અને મુનિવરોએ ભિન્નભિન્ન દેશોમાં વસતા ભવ્યજનોના હિત માટે જૂદી જૂદી ભાષામાં (સંસ્કૃત, પ્રાકૃત, હિંદી અને ગુર્જરાદિ ભાષામાં, સંખ્યાબંધ ચરિત્રો, પ્રબંધો, રાસો અને કથાઓની રચના કરેલી દ્રષ્ટિગત થાય છે. ઉક્ત અનેક ઉત્તમ રચનાઓ પૈકી **કામઘટ કથા પ્રબંધ** પણ એક છે. તેમાં મુખ્યપણે એક **જિતારી રાજા** અને **મતિસાગર મંત્રી** વચ્ચે **પુણ્ય અને પાપના** સંબંધમાં થયેલો **સંવાદ** અને તેને પ્રસંગે રાજાને પાપનો પક્ષ હોવાથી તેને **પાપબુદ્ધિ** અને **મંત્રીને** પુણ્યનો પક્ષ હોવાથી તેને **ધર્મબુદ્ધિના** નામથી સંબોધવામાં આવેલા છે. રાજા પોતાને પ્રાપ્ત થયેલ રાજ્યાદિક બધી ઋદ્ધિ સુદ્ધાદિક પાપક્રિયાવડે જ પ્રાપ્ત થયેલી માને છે. ત્યારે મંત્રી પોતાની નિર્મલ મતિવડે એ બધું પુન્યતુંજ ફળ છે, એમ પ્ર-

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

કાશે છે, અને સમજાવે છે, તેમ છતાં રાજા એકાએક સમજતો અને માન્ય કરતો નથી, અને ઉલટો ધર્મબુદ્ધિ મંત્રીને તેનું સર્વસ્વ અહીં અનામત રખાવી દેશાન્તર જઇ પોતાનાજ પુન્યના બળથી ફરી ઋદ્ધિ મેળવી લાવી પુન્યની ખાત્રી કરી આપવા આગ્રહ કરે છે. તે પ્રમાણે ધર્મ બુદ્ધિ મંત્રી કબૂલ કરી જાય છે, અને એક વખત પુન્ય પ્રભાવે કંઇક ચમત્કારિક વસ્તુઓ મેળવી ઘરે આવી બીજાને પુણ્યનું ફળ બતાવી આપે છે. તે જો કે રાજા ક્ષણભર પ્રયાણ કરે છે, પણ પાછળથી પાપનોજ પક્ષ બાકી તે મંત્રીની પાસેની બધી વસ્તુઓ અહીંજ રાખી ફરી તેને તેના પુન્યની પરીક્ષા કરી દેખાડવા પ્રેરે છે, તોપણ સરલ સ્વભાવી મંત્રી પુનઃ તેમ કરી બતાવવાનું માથે લે છે અને પોતાના પુન્યનાજ પ્રતાપે પુષ્કળ ઋદ્ધિ સહિત આવી રાજાને પ્રતિબોધ વા પ્રથમ તેનો યુદ્ધમાં પરાભવ કરે છે. અને પાછળથી તેનું ભાન ઠેકાણે લાવી તેને મુક્ત કરી મૂકે છે. આ અતિ કૌતકવાળી અને બોધદાયકકથામાંથી વાંચનાર જો વિચક્ષણ હોય તો બહુ બહુ પ્રકારનો બોધ મેળવી કૃતાર્થ થઇ શકે એમ છે. સહૃદય વાંચનારના હૃદયમાં આ રસિક પ્રબંધ ઉપરથી ધર્મ ઉપર દ્રઢ શ્રદ્ધા આવે છે. તેને ખાત્રી થાય છે. કે આ ભવમાં કે પરભવમાં જેમને જે કંઇ સુંદર દિવ્ય વસ્તુઓની પ્રાપ્તિ થાય છે, તે તેમનાં પૂર્વકૃત પુન્યનાજ પ્રતાપથી થાય છે એમ સમજી તે દુઃખદાયક પાપ ક્રિયા તજીને સુખદાયક પુન્ય કરણી કરવા તત્પરતા ધરે છે અને ગમે તે દેશકાળમાં પુણ્યનાજ યોગે જય મેળવો સુલભ છે એમ અનાયાસે સમજે છે. ઇતિસમ્.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# 'પીઠિકા.'

ધર્મના પ્રભાવથી સકલ મંગલમાળા નીપજે છે, ધર્મના પ્રભાવથી સકળ સુખસંપદા થાય છે, અને ધર્મના પ્રભાવથી નિર્મળ યશ–કીર્તિ વિસ્તરે છે. તેથી અહો સજ્જનો! તમે સદ્‌ભાવથી ધર્મનુંજ સેવન કરો.

ધર્મ શ્રેષ્ઠ ચિન્તામણિ રૂપ, ધર્મ શ્રેષ્ઠ કામધેનુ રૂપ છે. અરે ધર્મ સકળ ફળદાતા છે, એમ સમજી એનુંજ સેવન–આરાધન કરો. વનમાં, રણમાં, શત્રુ, જળ, અને અગ્નિના મધ્યમાં, મહા સમુદ્રમાં, અથવા પર્વતના શિખર ઉપર સુતેલા, પ્રમાદશીલ બનેલા કે કષ્ટમાં આવી પડેલા પ્રાણીને પૂર્વકૃત પુન્યજ રક્ષે છે. ધર્મજ પ્રાણીનું જ્યાં ત્યાં રક્ષણ કરે છે. અનેક આપદાના મુખમાં આવેલા, કલેશ અને રોગથી કંટાળેલા મરણ ભયથી વ્યાપ્ત થયેલા, દુઃખ અને શોકથી પીડિત થયેલા અને જગતમાં અનેક પ્રકારે વ્યાકુળ થયેલા અનાથ–અસરણ જનોને સદાય ફક્ત ધર્મજ શરણરૂપ છે. જ્યાં સુધી પ્રાણીનું પુન્યબળ સદા વિજયવંત વર્તે છે, ત્યાં સુધીજ ચંદ્રબળ, ગૃહબળ, તારાબળ અને પૃથ્વી બળ સારાં હોય છે; ત્યાં સુધીજ સઘળા મનોરથ સિદ્ધ થાય છે; ત્યાં સુધીજ લોકો સજ્જનતા દાખવે છે; અને ત્યાં સુધીજ અધિકારની છાપ, મંડલ, મંત્ર તથા તંત્રનો મહિમા ચાલે છે અને ત્યાં સુધીજ પુરૂષાર્થ કરેલો લેખે થાય છે. પુન્યનો ક્ષય થયે છતે એ સઘળાં ક્ષીણ થઇ જાય છે. પુન્યના પ્રભાવથી સારાં ઉત્તમ કુળમાં જન્મ, શરીર આરોગ્ય, સૌભાગ્ય, દીર્ઘ આયુષ્ય, અને સુંદર બળ હોય છે. પુન્ય પ્રભાવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ નિર્મળ યશ, વિદ્યા અને દ્રવ્ય સંપત્તિઓ સાંપડે છે. વળી અટવીથી અને મહાભયથી પ્રાણીનું પુન્ય જ સંરક્ષણ કરે છે. અરે સારી રીતે સેવેલો ધર્મજ સ્વર્ગ અને મોક્ષનાં સુખ આપે છે. આ ધર્મ જ ધનના અર્થીને ધનદાતા, કામાર્થીને કામદાયક, સૌભાગ્યર્થીને સૌભાગ્યદાતા, તેમજ વળી પુત્રાર્થીને પુત્રદાતા અને રાજ્યાર્થીને રાજ્યદાતા થાય છે. અથવા વધારે શું કહેવું ? દુનીયામાં એવું શું છે કે જે ધર્મના પ્રભાવથી ન પ્રાપ્ત થાય ? અરે સ્વર્ગ અને મોક્ષનાં સુખ પણ એથીજ પ્રાપ્ત થઇ શકે છે. એમ સમજી સર્વ જંજાળ તજી પવિત્ર ધર્મનુંજ શરણ કરવું યુક્ત છે. પ્રેમાળ સ્ત્રી, સુવિનીત પુત્ર, સદ્‌ગુણી ભાઇ, સ્નેહી સ્વજન, ચતુર મિત્ર, સદાય પ્રસન્ન સ્વામી, નિર્લોભી ચાકર, સ્વબંધુઓમાં સંપ અને અહીં ઉપયોગમાં આવે એવું ધન, એ સર્વ પુન્યના ઉદયવડે જ કોઇક વિરલાને સદા સાંપડે છે. આટલો પીઠિકા બંધ કરીને હવે આગળ ચમત્કારિક કથા પ્રબંધ કરવામાં આવે છે. સુજ્ઞ જનોએ એ સર્વ લક્ષ પૂર્વક વાંચી–સાંભળી તેનો સાર હંસવત્ ગ્રહણ કરી લઇ સ્વપરહિત કરવા ઉજમાળ બનતું અને વિષય કષાય આળસ અને વિકથા પ્રમાદથી દૂર રહેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ अर्हम्

# અથ કામઘટ કથા પ્રબંધ.

અથવા

# કામ કુંભ (મંગળકળશ.)

કાંપુર નગરમાં જીતારિ નામે રાજા રાજ્ય કરે છે. તેને મતિસાગર નામે મંત્રી છે તે રાજભક્ત અને પ્રજાપ્રિય હોવાથી સહુને અત્યંત માન્ય છે. કહ્યું છે કે 'મંત્રી વગરનું રાજ્ય, શસ્ત્ર વગરનું સૈન્ય, નેત્ર વગરનું મુખ, જળ વગરનાં વાદળાં, દાન વગરનું ધન, ઘી વગરનું ભોજન, શીલ વગરની સ્ત્રી, સરલતા વગરનો મિત્ર, પ્રતાપ વગરનો રાજા, ભક્તિ વગરનો શિષ્ય અને ધર્મ–પુન્ય વગરનો પુરૂષ એ કશી શોભા પામતાં જ નથી.'

એક વખતે રાજાને અને મંત્રીને સંવાદ થયો તેમાં રાજાએ મંત્રીને કહ્યું.

રાજા—રાજ્યાદિક સઘળું પાપવડે પ્રાપ્ત થાય છે.

મંત્રી—હે રાજન્! એવું ન બોલો. પાપવડે રાજ્યાદિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કની પ્રાપ્તિ થઇ ન શકે. પાપનાં ફળ તો જૂદાંજ કહ્યાં છે તે સાંભળો. ઘી વગરનું અલ્પ ભોજન, પ્રિય-વ્હાલાં સાથે વિયોગ અને અણગમતા સાથે સંજોગ એ બધા પાપના વિલાસ છે. તેમજ વળી કુગ્રામમાં વાસ, કુરાજા-અન્યાયી રાજાની સેવા, કુભોજન, ક્રોધભરી ભાર્યા, બહુ કન્યા, અને દરિદ્રતા એ છ વાનાં નરકરૂપ ગણાયછે. માંકડવાળો માંચો, વર્ષાદમાં ચુતું ઘર, બહુ ચિલ્લકડાં આવી રંજાડે, આકડાનું બલતણ અને ખાવા માટે જવ એ બધાંય પાપનાં ફળ પ્રગટ દેખાયછે. મંત્રી તો ધર્મના પ્રભાવથીજ સઘળું ભલું થાયછે એમ માનેછે. જે મદ ઝરતા હાથીઓ ઘરના બારણે ઝુલતા હોયછે, પવનવેગી ઘોડા હેષારવ કરી રહ્યા હોય છે અને પ્રભાતમાં મંગળ વાજાં વાગી રહ્યાં હોય છે એ રીતે દેવલોક સમૃદ્ધિ સંપ્રાપ્ત થાયછે તે સઘળો ધર્મનોજ પ્રભાવ સમજવા યોગ્યછે. પુન્ય ઉપાર્જન કર્યા વગર ગમે તેવા ઉપાયવડે વાંછિત ફળની પ્રાપ્તિ થતી નથી. આવા કારણથી મંત્રીનું નામ પુન્ય બુદ્ધિ પડયું અને રાજાનું નામ પાપબુદ્ધિ પડયું. રાજસભામાં સદાય પુન્ય અને પાપ વિષયે આરીતે વિવાદ થયા કરે છે.

મંત્રી-સંયમ-જીવન અર્થે જેઓ ભોજન કરે છે દાન અર્થે જે ધન અર્જે છે, અને ધર્મને અર્થે જે જીવિત વહેછે તે મનુષ્યોને સ્વર્ગગતિ લાયક સમજવા. સ્વર્ગથી ચ્યવીને અહીં મનુષ્યલોકમાં અવતરેલા માણસોના હૃદયમાં આ ચાર વાનાં વસી રહે છે ૧ સુપાત્રદાન, ૨ મધુરી વાણી, ૩ દેવપૂજા અને ૪ સદ્ગુરૂ સેવા. સંતોષી, વિનયી, દયાદાન રૂચિવાળો અને પ્રસન્ન હૃદયવાળો મનુષ્ય માનવ ગતિમાંથી આવી અવતરેલો સમજવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમનું દ્રવ્ય સત્‌ક્ષેત્રમાં વિવેકથી વપરાયછે તેજ દ્રવ્ય પ્રશંસનીય છે. બાકીનું ધન તો કેવળ કલેશ માટે થાય છે.

બધા કુળમાં શ્રાવકનું કુળ પ્રધાન છે. બધાય દેવોમાં જીનેશ્વર દેવ પ્રધાન છે. બધાય દાનમાં અભયદાન પ્રધાન છે અને બધાય મરણમાં સમાધિમરણ પ્રધાન છે.

રાજા—હે મંત્રિન્! તું પુન્યને ( સારૂં ) માને છે તો તે વડે તને સ્વલ્પ લક્ષ્મી મળી છે અને મને પાપથકી રાજ્યાદિક સુખ પ્રાપ્ત થયેલ છે.

મંત્રી વિચારવા લાગ્યો કે ગમે તેવી સુગંધી વસ્તુ વચ્ચે લસણને રાખી તેના ઉપર જળના કુંભ સિંચવામાં આવે તોપણ તેથી તેની સ્વાભાવિક દુર્ગંધ જતી રહેતી નથી. તેમજ લીંબડાના વૃક્ષને હજારો ગમે દૂધના ઘડા સિંચ્યા હોય તો શું તે મીઠો મધુર થશે ?

રાજા—જો હું યુદ્ધાદિક કરૂંછું તો તેથી મને ઘોડા હાથી વિગેરેની વૃદ્ધિ થાય છે. અને પુન્ય કરતા છતા ત્હારે જે દ્રવ્ય પ્રાપ્તિ છે તે બધી મ્હારી આપેલી જ છે. તે કંઇ ત્હારા પુન્યનું ફળ નથી. એમ છતાં એ બધું જો તું ધર્મ-પુન્યના જ ફળરૂપ માનતો હોય તો તું ધન વિના એકાકી દેશાન્તરે જઈ ધર્મથીજ ધન કમાઇને પાછો આવ એટલે હું ત્હારા ધર્મ-પુન્ય ફળને જાણું-માનું.

મંત્રી—હે રાજન્! ભલે એમ હો! કેમકે સાહસિક પુરૂષને લક્ષ્મી પ્રાપ્ત થાય છે, પણ કાયરને પ્રાપ્ત થતી નથી. કેટલાંક વાનાં સ્થાનભ્રષ્ટ થયા છતાં નથી શોભતાં પણ સિંહ, સત્પુરૂષ અને હાથી તો તેથી સવિશેષ શોભા પામે છે. એમ કહી મંત્રી દેશાન્તરે ગયો. એકદા રાત્રી સમયે હિંડતા તેને

કોઇ એક રાક્ષસ મળ્યો. તે રાક્ષસને દેખતાંજ મંત્રીએ 'મા મા' એવો પોકાર કર્યો. ત્યારે રાક્ષસે કહ્યું કે તું 'મા મા' એમ મ બોલ. કેમકે સાત દિવસથી ભૂખ્યો થયેલો હું આજે તને ખાઇ જઇશ. મંત્રીએ કહ્યું કે હમણાં તો મ્હારા ઉપર કૃપા કર કેમકે હાલ મ્હારે કાર્યપ્રસંગ છે અને કાર્યાર્થી છતો જ હું આગળ જાઉંછું. તે કાર્ય કરી પાછાં વળતાં ત્હારી ભૂખ ભાંગીશ. એમ આજીજી કરતાં પુન્યના પ્રભાવથી રાક્ષસે મંત્રીને મુક્ત કર્યો. આગળ ચાલતાં મંત્રીએ કોઇ એક નગરની સમીપે બગીચામાં શ્રી ઋષભદેવ પ્રભુનો મનોહર પ્રાસાદ દેખ્યો. ત્યાં જઇ અતિ હર્ષિત થયો છતો તે પોતાના હૃદયના સાચાભાવથી વીતરાગ ભગવાનની આરીતે સ્તુતિ કરવા લાગ્યો.

'દિવસે થયેલી વિજળી, અને રાત્રે થયેલ ગર્જારવ અમોઘ હોય છે તેમજ સંત–સાધુપુરૂષનું વચન અને દેવનું દર્શન અમોઘ ફળદાયી હોય છે.'

'જે આ લોકમાં જિનેશ્વર દેવની પૂજા–ભક્તિ કરે છે તે દાસપણું, દરિદ્રતા, કાસદીપણું, હીનજાતિ, અને ઇન્દ્રિયોની અપૂર્ણતાને પામતાજ નથી.'

'જે પ્રભાતમાંજ જિનેશ્વર પ્રભુનું નિર્વિકારી અને મનોહર મુખ કમળ, નિરખી જોવે છે તે પુરૂષો સહુ કરતાં ધન્ય–કૃત પુન્ય છે એમ સમજવું.'

'મિથ્યાત્વયોગે ભવસમુદ્રમાં ડૂબતો અને કદાગ્રહથી ભરેલો એવો હું તેને હે નાથ ! આ ભવસાગરથી પાર ઉતાર પાર ઉતાર.'

'હે દેવ ! મ્હારી પુંઠે લાગેલા જન્મ, મરણ, જરા, રોગ, શોક, અને સંતાપાદિક દુશ્મનોને આપ દૂર વારો વારો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'હે દેવ ! દુઃખદાવાનળથી દાઘેલાને આપ મેઘસમાન ઠારનાર છો અને મોહ અંધકારથી અંજાઇ ગયેલાને આપજ એક અપૂર્વ દીપક સમાન છો.'

'શ્રી વીતરાગ પરમાત્માની અર્ચા–પૂજા કરી છતી પાપનો લોપ કરે છે. દુર્ગતિને દળી નાંખે છે, આપદાનો ઉચ્છેદ કરે છે, પુન્યનો જમાવ કરે છે, લક્ષ્મીની વૃદ્ધિ કરે છે, આરોગ્યની અભિવૃદ્ધિ કરે છે, વૈરાગ્ય પેદા કરે છે, પ્રીતિને પલ્લવિત કરે છે, યશ–કીર્તિને બહુ ઉપજાવે છે, સ્વર્ગનાં સુખ આપે છે અને અંતે પરમાનંદ પદ–મોક્ષ પણ મેળવી આપે છે.'

'જે કોઇ પૂર્ણ શ્રદ્ધાથી જિનેશ્વર પ્રભુની પૂજા કરે છે તેને સ્વર્ગ તો સાવ સુલભ્ય છે, શુભ સામ્રાજ્ય લક્ષ્મી તો સાથે લાગીજ રહે છે, સૌભાગ્યાદિક ગુણો સહેજે તેના અંગમાં આવી વિલાસ કરે છે, સંસાર તરવો સહેલો થાય છે. અને મોક્ષ પણ વિના કષ્ટે તેને હસ્તગત થવા પામે છે.'

'જિનેશ્વર દેવની સમીપે જે કોઇ ઉજ્વળ અક્ષતવડે ભરેલો થાળ ઠવે છે તે તેવાજ શ્રેય–મંગળવડે પોતાના આત્માને પરિપૂર્ણ કરે છે.'

'વિવિધ પ્રકારનાં ઉત્તમ દ્રવ્યોવડે પ્રભુપૂજા ઉલ્લસિત ભાવથી કરનારને મોક્ષપદની પ્રાપ્તિ થાય છે તો પછી અન્ય સુખનું તો કહેવું જ શું ?'

'ગમે તેટલું દીર્ઘ આયુષ્ય હોય, વ્યાધિ વ્યથા તેમાં વિઘ્નરૂપ ન હોય, પાંડિત્ય બૃહસ્પતિ જેવું હોય, અને કોટિ પ્રમાણ કાર્યદક્ષ જીભ હોય તોપણ શ્રી તીર્થંકર પ્રભુની પૂજાનું ફળ હું વર્ણવી શકું એમ નથી.'

જિનેશ્વર પ્રભુની પૂજા કર્યે છતે ગમે તેવા ઉપસર્ગો શાન્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇ જાય છે, વિઘ્નવેલડીઓ છેદાઇ જાય છે, અને ચિત્ત પ્રસન્ન થાય છે.'

'ઇત્યાદિ મંત્રીએ કરેલી પ્રભુ સ્તુતિથી પ્રસન્ન થયેલો પ્રતિમા રક્ષક કપર્દી યક્ષ પ્રગટ થયો ત્યારે મંત્રીએ તેની પણ આરીતે સ્તુતિ કરી કે હું ચિન્તામણિ રત્નને કંઇ હિસાબમાં ગણતો નથી, કલ્પવૃક્ષની કલ્પના–કામના કરતો નથી, કામધેનુની સ્પૃહા રાખતો નથી અને અમૂલ્ય ગુણાતિશયવાળા અન્ય નિધાનનું પણ ચિન્તવન કરતો નથી પરંતુ અમૂલ્ય ગુણાતિશયથી ભરેલા એક કપર્દી યક્ષનેજ હું સદાય સેવું છું.'

એ રીતે શ્રી જિનેશ્વર ભગવાનની ભક્તિથી સંતુષ્ટ થયેલા તે કપર્દીયક્ષે મંદિર બહાર જઇ તે મંત્રીને **કામઘટ–કામકુંભ** સોંપ્યો.

**મંત્રી**—હે યક્ષ ! આ કામઘટને હું શી રીતે લહું ? શી રીતે સ્થાપું ? કેમકે સમીપ રહેલા ઘડાવડે પુરૂષને લજ્જા થાય–શરમ આવે.

**દેવ**—આ કામઘટ વગર ઉપાડયો જ અદ્રષ્ટપણે ત્હારી પુંઠે આવશે. પછી મંત્રીએ તે ઘટ સ્વીકારવાનું કબૂલ કર્યું–સ્વીકાર્યો. ત્યારબાદ મંત્રી કૃત્યકૃત્ય બની તે કામકુંભને લહી પોતાના ઘરભણી ચાલ્યો. આ બધોય પ્રભાવ ધર્મનોજ છે.

જેમ દાંત વગરનો હાથી, વેગ વગરનો ઘોડો, ચંદ્ર વગરની રાત્રી, સુગંધ વગરનું ફુલ, જલ વગરનું સરોવર, છાયા વગરનું વૃક્ષ, મીઠા વગરનું ભોજન, ગુણ વગરનો પુત્ર, ચારિત્ર ક્રિયા વગરનો સાધુ, અને દ્રવ્ય વગરનું ઘર એ બધાં શોભતાં નથી તેમ ધર્મ ( પુન્ય ) કળા વગરનો માનવ પણ શોભા પામતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રમણિક વસ્તુની ઇચ્છા થયે છતે જ્યારે તે ઇચ્છા સફળ થતી નથી ત્યારે ખેદ–સંતાપ થાય છે. પણ જો પુણ્યનું જોર હોય છે તો તે ઇચ્છા સહેજે સફળ થાય છે. પુન્યના બળ વગર પ્રાણીઓની મનોવાંછના ફલીભૂત થઇ શકતી નથી.

સુકૃત કરવા તત્પર રહેનારા પુરૂષો પુન્ય બળ વડે સહુ કરતાં ચઢી જાય છે; અને જેમ વૃક્ષોને વેલડીઓ વિંટાઈ વળે છે તેમ તેમને સંપદાઓ વીંટી વળે છે.

હવે મંત્રી પાછો વળતો એજ અટવીમાં આવી પહોંચ્યો એટલે રાક્ષસ પણ આવી મંત્રીને કહેવા લાગ્યો કે હવે તું ત્હારૂં વચન સફળ કર. મંત્રીએ કહ્યુ કે બહુ સારૂં. પરંતુ આ મ્હારા અપવિત્ર શરીરનું ભક્ષણ કરવાથી ત્હારૂં શું વળશે? કેમકે અશુચિવડે પૂર્ણ, કરમીયાંથી ભરેલા, અને મૂત્ર વિષ્ટાદિક મળના સ્થાનરૂપ દુર્ગંધી શરીરમાં ફક્ત મૂઢ જનોજ ઇચ્છા કરે છે. સુજ્ઞ હોય તે તો એવા મલીન અને દુર્ગંધી દેહથી વરક્ત થાય છે. તેમાં મુંઝાઈ જતા નથીજ. ફરી મંત્રીએ કહ્યું કે હે રાક્ષસ! ત્હારે મ્હારા શરીરનું કામ છે? કે સરસ રસોઈ જોઇએ છે. રાક્ષસે કહ્યું કે ભલે ત્યારે સરસ રસવતી આપ. એમ કહ્યાથી મંત્રીએ કામઘટના પ્રભાવવડે રાક્ષસને યથેષ્ટ સરસ રસોઇ આપી જમાડયો. પછી સંતોષિત થયેલા રાક્ષસે મંત્રીને કહ્યુ કે એવી સરસ રસોઇ ત્હેં શી રીતે મને આપી? ત્યારે ધર્મશીલ અને અસત્ય બોલવા સબંધી પાપથી બ્હીતા એવા મંત્રીએ સત્યજ કહ્યું કે કામ ઘટના પ્રભાવવડેજ સરસ રસવતી આપી છે. એમ કહેવાથી રાક્ષસે તે કામઘટની માગણી કરી એટલે મંત્રીએ કહ્યું કે આવો કામઘટ હું ત્હને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શી રીતે આપું ? ત્યારે રાક્ષસે કહ્યું કે જો મ્હને કામઘટ આપે તો હું હવે પછી જીવહિંસા કરીશ નહિ. તેથી ત્હને પુન્ય થશે અને હું પણ ત્હને સકળ કાર્ય કરનાર, શત્રુના શસ્ત્રને નિવારનાર, અને કહેલા કાર્યને સાધી આપનાર દેવતાધિષ્ઠિત એક દંડ આપીશ, માટે તું એ કામઘટ મ્હને આપ. મંત્રીએ કહ્યું ' ભલે આપુંછું તો ખરો પણ ધર્મરહિત એવા ત્હારી પાસે એ સર્વથા ટકશે નહિ. ત્યારે રાક્ષસે કહ્યું કે હું એ કામઘટને સર્વ પ્રયત્ન વડે સ્થાપી રાખીશ. એમ કહી તે મંત્રી દંડનો પ્રભાવ જાણી કામઘટ તેને સોંપી અને દંડ ગ્રહણ કરી લઇને આગળ ચાલ્યો. તે મંત્રીને આગળ ચાલતાં બીજે દિવસે ભૂખ લાગી ત્યારે તેણે દંડને કહ્યું કે તું મ્હને ભોજન આપીશ ? એટલે દંડે કહ્યું કે ભોજન દેવા હું સમર્થ નથી. મંત્રી ભૂખથી પીડાવા લાગ્યો.

"ચાર ઘડી જવ દીસે ચડી, પેટમાંહિ તવ ખુંબડી પડી;
ધારે હુંબર વિણસે કાજ, તુજ પાખે મરિએ છીએ આજ. "

દંડે કહ્યું કે બીજું કંઈ કામ કરવા મને કહે તે હું કરીશ. મંત્રીએ કહ્યું કે ત્યારે કામઘટ લઈ આવ. દંડે કહ્યું ભલે કામઘટ લાવીશ એમ કહી તે ઉત્પતી ( દંડ ) આકાશમાર્ગે ચાલ્યો, અને જ્યાં એ રાક્ષસ હતો ત્યાં ગયો. પછી તે રાક્ષસને ખૂબ મારી, બારણું ભાંગી, કામઘટ ગ્રહણ કરી પાછો મંત્રી સમીપે આવ્યો. મંત્રીએ પેલા કામઘટને પૂછયું કે તું ત્યાં સમાધિથી રહ્યો હતો ? ત્યારે કામઘટે કહ્યું કે ત્યાં મ્હને સમાધિ કેવી ? કેમકે તું મ્હને જેવા તેવા અધર્મીને સોંપે છે. મ્હારે તો ધર્મવંતની જ પાસે રહેતાં સમાધિ થાય છે. બીજે કયાંય નહિ. પછી તે કામઘટે મંત્રીને ભોજન આપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી દંડ અને કુંભ એ બંનેવાનાં લઈ મંત્રી આગળ ચાલ્યો. અનુક્રમે તે કોઇક ગામ સમીપે આવ્યો. ત્યાં તેણે **રૈવતાચળ** અને **શત્રુંજય** નામના બે તીર્થોની યાત્રા કરી પાછો વળતો સંઘ દેખ્યો. સંઘને દેખી મંત્રી અત્યંત ખુશી થયો. કેમકે યાત્રાર્થે જે ભોજન કરે છે. દાનાર્થે જે દ્રવ્ય ઉપાર્જન કરે છે, અને ધર્મને અર્થે જે જીવિત વહે છે તેમને સ્વર્ગ ગામી સમજવા લક્ષ્મી સાથે વિવેક, વિદ્યા સાથે વિનય, અને નમ્રતા સહિત પ્રભુતા એ સઘળાં મહાત્માનાં લક્ષણ સમજવાં. **શત્રુંજય** તીર્થને સ્પર્શીને, અને **રૈવતાચળને** નમીને અને **ગજપદ** કુંડમાં સ્નાન કરીને જે પવિત્ર થાય છે તેને ફરી જન્મ લેવો પડતો નથી. મોક્ષ સુખ મેળવવા ઇચ્છા જ હોય તો શુદ્ધ દેવ ગુરૂ ધર્મ અને સંઘની ભક્તિ, હિંસા અસત્ય અદત્ત અબ્રહ્મ અને પરિગ્રહનો ત્યાગ, ક્રોધાદિક કષાયનો જય, સજ્જનતા, સદ્ગુણીનો સમાગમ, ઇન્દ્રિય દમન. દાન, તપ, ભાવના અને વૈરાગ્યનો આદર કર. શ્રી તીર્થયાત્રા કરનારની ઉડતી રજથી લોકો નિર્મળ થાય છે, તીર્થોમાં અટન કરવાથી ભવમાં ભમવું પડતું નથી, તીર્થમાં દાન દેવાથી લક્ષ્મી સ્થિર ટકવાવાળી થાય છે અને શ્રી જિનેશ્વર દેવની પૂજા–અર્ચા કરવાથી લોકો પૂજનિક થાય છે.

પાપ–આરંભથી નિવૃત્તિ, દ્રવ્યની સફળતા, સંઘની ઉત્તમ ભક્તિ, સમકિતની વિશુદ્ધિ, સ્વજનોનું હિત, જીર્ણ ચૈત્યાદિકનો ઉદ્ધાર, તીર્થની ભારે ઉન્નતિ, જિન આજ્ઞાનું પાલન, કલ્યાણકારી સારાં કૃત્યો, અલ્પ સંસાર, તેમજ દેવતા અને મનુષ્ય સંબંધી સારી પદવી એ બધાંય પવિત્ર તીર્થની યાત્રાનાંજ ફળ છે. જે ચોવિહારો છઠ્ઠ ( નિર્જળ બે ઉપવાસ ) કરીને વિધિયુક્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**શત્રુંજયતીર્થ** ઉપર સાત યાત્રાઓ કરે છે તે મહાશય ત્રીજે ભવે **મોક્ષપદ** મેળવે છે. વળી શ્રી તીર્થંકર દેવને પણ માન્ય અને ગુણના સાગર એવા શ્રી સંઘની ચરણ રજવડે જેમનાં ઘરનાં આંગણાં પવિત્ર થાય છે તેમને ખરેખર ધન્ય છે.

એવા પવિત્ર શ્રી સંઘની જે પૂર્ણ શ્રદ્ધાથી સેવા-ભક્તિ કરે છે તે મુખ્યપણે તીર્થંકર પદવીને પામે છે. ચક્રી અને ઇન્દ્રાદિક પદવીની પ્રાપ્તિ તો સહેજે પ્રાપ્ત થાય. એ રીતે વિચાર કરી મંત્રીએ શ્રી સંઘને ભોજન માટે નિમંત્રણ કર્યું, ત્યારે તેને એકાકી અને દુઃખી સ્થિતિમાં દેખીને સંઘે રસોઇ કરવા માંડી પણ મંત્રીએ જળ કુંભ લઇ સંઘના ચુલાઓમાં જળ છાંટી તે ઠારી નાંખ્યા, અને કહ્યું કે આજે કોઇએ રસોઈ કરવી નહિ. મંત્રીને આમ ગાંડાની જેમ કરતો દેખી સંઘપતિ મુંઝાયો અને વિચાર કરવા લાગ્યો કે આજે શું સહુને ભૂખે મરવું પડશે ? પછી બધા સંઘપતિઓ ભેગા મળી વિચારવા લાગ્યા કે હવે સંઘને શું કરવું ? આ તો પોતાનું પેટ ભરવા પણ અશક્ત લાગે છે તેમ છતાં આપણને આપણા માટે પણ રાંધવા દેતો નથી.

હવે વૃદ્ધ પુરૂષો બોલ્યા કે ભોજન વેળા થઇ. એવામાં મંત્રીએ આવી શ્રીસંઘને ભોજન માટે બોલાવ્યો. સંઘ પણ સંદેહયુક્ત છતો શૂન્ય અટવીમાં તેણે કહેલા સ્થાન પ્રત્યે ચાલ્યો. આગળ ચાલતાં સંઘે કિંમતી વસ્ત્રનો રમણિક મંડપ જોઇ, ખુશી થઇ પરસ્પર પૂછવા માંડયું કે શું આ સાચું છે કે ખોટું ? દૃષ્ટિ ભ્રમતો આપણને થતો નથી ? ત્યાં પહોંચ્યા પછી તે મંડપને હાથવડે સ્પર્શીને જોવે છે એટલામાં મંત્રીએ કામઘટના પ્રભાવથી ત્યાં સોનાના સ્થાળ માંડી દીધા, અને સ્રીઓએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી ૧૦૮ જાતની દિવ્ય રસવતી રસોઇ) પીરસી દીધી. એટલે સહુ પરસ્પર કહેવા લાગ્યા કે ભાઇ ! આપણે આવાં ઉત્તમ ફળ, આવાં પકવાન્ન, અને આવી રસોઇ કયાંય કદાપિ પણ દેખી કે ખાધી નથી. ભોજન કરાવ્યા પછી મંત્રીએ આખા સંઘને પહેરામણી કીધી. પછી ચમત્કારથી પૂરાયેલા સંઘપતિઓએ મંત્રીને પૂછયું કે ભાઇ ! તમે આટલું બધું કોના બળથી કીધું,

મંત્રીએ કહ્યું કે કામકુંભના બળથી એમ સાંભળી લોભવશ થયેલા સંઘપતિઓએ કહ્યું કે જો તમે અમને કામઘટ આપશો તો તમને હમેશાં સાહમ્મી વચ્છલનું પુન્ય થયાં કરશે વળી તમે પણ ધર્મના અર્થીજ દીસો છો, અને અમારી પાસે રાજ્ય દેવા સમર્થ એક ચામર યુગલ અને બીજું સર્વ રોગ વિષ અને શસ્ત્રઘાતાદિ ઉપદ્રવને નિવારી શકે એવું ચમત્કારિક છત્ર છે તે તમે ગ્રહણ કરો, અને તમારી પાસે જે કામઘટ છે તે અમને સમર્પણ કરો.

મંત્રીએ કહ્યું કે દેવતાએ તુષ્ટમાન થઇ જે વસ્તુ જેને આપી હોય તે તેની પાસેજ ટકે, બીજે ટકે નહિ. તેમ છતાં અર્થી એવા સંઘપતિઓ કહેવા લાગ્યાં કે તમે કામઘટ અર્પણ કરો પછી ચ્હાય તો એ ટકે કે ન ટકે. પછી મંત્રીએ તેમની પાસેથી ચમત્કારિક ચામર યુગલ અને છત્ર લઇને કામઘટ સંઘપતિઓને સોંપ્યો. ત્યારબાદ ખુશી થયેલો સંઘ અને મંત્રી સ્વસ્વસ્થાનકે ગયા. બીજે દિવસે ભૂખ્યો થયેલો મંત્રી દંડ પ્રત્યે કહેવા લાગ્યો કે ' કામઘટ લઇ આવ. ' દંડે કહ્યું કે લઇ આવુંછું એમ કહી તે સંઘ મધ્યે ગયો. પાસેના સુભટોને મારી તેમનાં શસ્ત્રાદિને ભાંગી, પેટીને તોડી, સારીરીતે સાચવી રાખેલા કામ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘટને લહી તે પાછો આવ્યો. ત્રણે વસ્તુ લઈ મંત્રી નિજ ઘરે આવ્યો, ભાગ્યશાળી લોકો આ દુનીયામાં જે સારી સારી ઋદ્ધિ સમૃદ્ધિ તથા સદ્ગુરૂનો સંગ શુદ્ધશીલ અને નિર્મળ મતિ પ્રાપ્ત કરે છે તે બધો ધર્મનોજ પ્રભાવ છે. હવે તેજ દિવસે રાજાએ ધર્મની પરીક્ષા કરવા બે બીજોરાં મંગાવી એક બીજોરાની અંદર સવાલાખ મૂલ્યવાળું રત્ન ક્ષેપવી માણસના હાથમાં વેચવા માટે આપ્યું, અને તેને કહ્યું કે શાક બજારમાં શાક વેચવા વાળાનેએ બીજોરૂં ત્હારે આપવું. જ્યાં સુધી એ બીજોરાનું ગ્રાહક ( ઘરાક ) ન મળે ત્યાં સુધી ત્હારે છુપીરીતે ત્યાંજ ઉભા રહેવું, અને જ્યારે જે કોઇ તે બીજોરૂં લેય તેનું નામ મ્હારી પાસે કહેવું તે માણસે પણ તેમજ કર્યું.

અહીં મંત્રી ઘરે આવ્યા પછી તેની સ્ત્રીએ મંત્રીને લાગેલો તાપ નિવારવા માટે શાકબજારમાં આવી તેજ રત્નગર્ભિત બીજોરૂં ખરીદ કરી આવી, તે મંત્રીનેજ આપ્યું. મંત્રીએ પણ એ ખાધું. તેની અંદરથી રત્ન નીકળ્યું. પેલા માણસે જઇને રાજાને જણાવ્યું કે એ બીજોરૂં મંત્રીની સ્ત્રીએ ખરીદ કરી લીધું. તેથી રાજાએ ચિન્તવ્યું કે આપણ નિશ્ચે ધર્મનુંજ માહાત્મ્ય દેખાય છે. હવે મંત્રીએ રાત્રી સમયે સાત માળનો સુવર્ણમય મહેલ બનાવ્યો. તેમાં રાતાં રત્ન જડેલાં સોનાનાં કાંગરાં શોભી રહ્યાં છે અને બત્રીશ જાતનાં વાજિંત્રયુક્ત દિવ્ય સંગીત સાથે નાટક થવા લાગ્યું. તે દેખીને અને સાંભળીને રાજા મનમાં ચમત્કાર પામી ચિન્તવવા લાગ્યો કે શું આ સ્વર્ગલોક છે? કે ઇન્દ્રજાળ છે? કે શું હું સ્વપ્ન જોઉં છું એમ ચિન્તવતો તે રાજા રાત્રી બધી સૂઇ રહ્યો. પ્રભાત થયે મંત્રી દિવ્ય વસ્ત્રો પહેરી અને રત્નોવડે સુવર્ણ થાળ ભરી રાજાને મળ્યો. રાજાએ પૂછ્યું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આટલાં બધાં રત્ન તને કયાંથી પ્રાપ્ત થયાં ? મંત્રીએ કહ્યું કે ધર્મના પ્રભાવથી ફરી રાજાએ પૂછયું.

રાત્રી વખતે સુવર્ણમય મહેલ અને દિવ્ય નાટક શું ત્હારાંજ હતાં ? મંત્રીએ જવાબ દીધો કે હા એમજ હતું. હવે મંત્રીનો આવાસ જોવા ઇચ્છતા રાજાએ તેને કહ્યું કે થોડા પરિવાર સાથે હું ત્હારા ઘરે ભોજન કરવા ઇચ્છું છું તેથી એક મહિના સુધીમાં મને ત્હારે ઘેર જમાડજે. મંત્રીએ કહ્યું કે મહારાજ ! આજેજ હું આપને જમાડીશ; તેથી આપના દેશમાં જેટલો સમુદાય છે તેટલો બધોય પરિવાર સાથે લઇ મ્હારે ઘરે ભોજન કરવા આપને પધારવું, જેથી હું તેમને સહુને જમાડીશ. રાજા વિચારે છે કે, અહો ! વણિક માત્ર એવા આ મંત્રીનું કેટલું બધું સાહસ છે. ખરેખર મ્હારા બધા પરિવારને એ પાણી પણ પાઈ શકશે નહિ તો પછી ભોજનનું તો કહેવુંજ શું ? રૂષ્ટમાન થયેલા રાજાએ તેજ દિવસે સ્વદેશનો સઘળો પરિવાર ભેળો મેળવ્યો. પછી રાજાએ મંત્રીના ઘરે તેનું ચરિત્ર જોવા માટે છુપીરીતે પોતાનો માણસ મોકલ્યો. તેણે પણ ત્યાં આવી જ્યારે મંત્રીનું ઘર જોયું ત્યારે ત્યાં કંઈ પણ ભોજન સામગ્રી જોવામાં આવી નહિં; પણ સાતમા માળે મંત્રીને સામાયક લઇને નવકાર મંત્ર જપતો દેખ્યો. ત્યારે રાજા ચિન્તવવા લાગ્યો કે ખરેખર આ મંત્રી તો ગાંડો થઈને છૂટી જાશે. પછી મ્હારે તો એ સહુને ભોજન આપવું પડશે જ. એ રીતે રાજા વિચાર શૂન્ય થઇ ગયો. એવામાં મંત્રી રાજાની પાસે આવી વિનંતિ કરવા લાગ્યો કે હે સ્વામિન્ ! પધારો. રસોઇ ઠંડી થઇ જાય છે. તે સાંભળી રાજાએ કહ્યું કે હે મંત્રિન્ ! ત્હેં પણ શું

મ્હારી સાથે હાસ્ય કરવા માંડયુ છે ? કેમકે ત્હારા ઘરે તો અત્યારે કંઇ પણ ભોજન સામગ્રી તૈયાર નથી. ત્યારે મંત્રીએ કહ્યું કે મહારાજ ! એક વખત ત્યાં પધારી તપાસ કરશો ! એટલે રાજા બહોળા પરિવાર સાથે મંત્રીના ઘરે આવ્યો, અને કંઈ પણ ભોજન સામગ્રી નહિ જોયાથી રોષથી રાતો તાતો થયો છતો વિચારવા લાગ્યો કે જો એ મંત્રી ભોજન નહિં આપે તો વિવિધ કદર્થના કરવા વડે હું તેને વિગોવિશ. એમ ચિન્તવતો લક્ષ (લખ્ખો) ગમે માણસોથી પરિવર્યો છતો મંત્રીના ઘેર ગયો તે વખતે તેના ઘરનો આડંબર દેખીને ચિન્તવેછે કે શું આ તે સ્વર્ગ છે કે સ્વર્ગનું વિમાન છે? આ હું નજરે જોઉં છું તે સત્ય છે કે અસત્ય છે? એ રીતે વિસ્મય પામ્યો છતો પરિવારસહિત રાજા એવા પ્રકારની દિવ્ય પકવાન્નાદિ વાળી રસવતી જમ્યો કે તે પોતાની પાસે બેઠેલા પુરૂષોને પૂછે છે કે ભાઇઓ ! આવાં પકવાન તમે કયાંય જોયાં કે સાંભળ્યાં છે ? ત્યારે સહુએ કહ્યું કે 'ના' એ રીતે અત્યંત ભક્તિવડે જમાડેલા તે રાજાદિક સર્વેને મંત્રીએ દિવ્ય વસ્ત્રોવડે પહેરામણી કરી ત્યારપછી ચકિત થયેલા રાજાએ મંત્રીને પૂછયું કે હે મંત્રિન્ ! આટલા બધાં માણસોને ત્હેં કોના પસાયથી જમાડયાં ? ત્યારે મંત્રીએ કહ્યું કે દેવતાવડે અધિષ્ઠિત મહા પ્રભાવિક કામઘટના પ્રભાવથી મ્હેં સહુ કોઇ ને જમાડયાં છે. તે સાંભળી મંત્રીને રાજાએ કહ્યું કે એ કામઘટ મ્હને આપ. કેમકે શત્રુ સન્યાદિક આવી પરાભવ કરે ત્યારે તે મ્હારે બહુ ઉપયોગી થશે. ત્યારે મંત્રીએ કહ્યું કે ધર્મ વિમુખ એવા આપના ઘરે એ કુંભ સર્વથા રહેશે નહિ. રાજાએ કહ્યું કે એકવાર તું તે મને સોંપ તો ખરો. પછી હું તે કુંભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાય વડે સાચવી રાખીશ તેમ છતાં જો તું તે નહિ આપશે તો હું તને અનર્થ ઉપજાવીશ-હેરાન કરીશ. એમ કહેવાથી મંત્રીએ તે કામઘટ રાજાને સોંપ્યો. રાજાએ પણ તેને બહુ પ્રયત્નવડે સ્વગૃહ મધ્યે ભંડારમાં સ્થાપ્યો. અને આસપાસ ખડગાદિ શસ્ત્ર ધારી પોતાના હજારો ગમે સુભટો ચોકી કરવા રાખ્યા. તેમને રાજાએ હુકમ કર્યો કે તમારે ત્રણ દિવસ સુધી સાવધાનપણે આ કામઘટની રક્ષા કરવી. તેમાં તમારે લગારે ગફલત કરવી નહિ. હવે બીજે દિવસે તે નગરમાં ધર્મનો મહિમા દેખાડવા માટે મંત્રીએ દંડ પ્રત્યે કહ્યું કે કામઘટ મને લાવી આપ. એરીતે મંત્રીએ મોકલેલો દંડ રાજાના ઘરે જઇ, સર્વ સુભટોને મારમારી, લોહી વમતા કરી, કામઘટ લઇને મંત્રી પાસે આવ્યો રાજા કામઘટને ગયેલો દેખી ખેદ પામી, મંત્રીના ઘરે જઈ કહેવા લાગ્યો કે હે મંત્રિન્! ત્હારૂં કથન બધું સત્ય થયું, અને ઉલટો અનર્થ થયો. હવે કૃપા કરી મૂર્છિત થઇ પડેલા મહારા સૈન્યને સાવધાન કર. એ રીતે રાજાના બહુ આગ્રહથી મંત્રીએ ત્યાં જઈ, તે સુભટો ઉપર પ્રભાવવાળું ચામર ઢાળી સર્વ સુભટોને સાવધાન કર્યા. પછી મંત્રીએ કહ્યું કે આ મ્હારો ધર્મપ્રભાવ તમે જોયો કે? હા જોયો. પછી રાજાએ પણ ધર્મ અંગીકાર કર્યો, અને બોલ્યો કે ધર્મનાજ પ્રભાવથી બધું રૂડું થાય છે. ધર્મનો પ્રભાવ જયવંતો વર્તે છે. નગરના સઘળા લોકોએ પણ ધર્મનો પ્રભાવ જ માન્ય રાખ્યો એરીતે કેટલાએક દિવસ સુધી રાજાએ ધર્મનો પ્રભાવ કબુલ કરી રાખ્યો. ફરી એકવાર ચપળ ચિત્તવાળા રાજાએ મંત્રીને કહ્યું કે હે મંત્રિન્! ઘુણાક્ષર ન્યાયે કરી (દૈવયોગે) એકવાર ત્હારૂં ભાગ્ય ફળ્યું પણ આ કોઇ ધર્મનો પ્રભાવ નથી.

આ બધુંય પાપનું જ ફળ હું માનું છું. એથી તું બીજીવાર ફરીને પણ મને પુન્યનું ફળ બતાવ. કામઘટ ચામર યુગલ અને દંડ એ ત્રણેવાનાં અહીંજ મૂકીને સ્વભાર્યા સહિત દેશાંતર જઇ ધન ઉપાર્જન કરી ફરી પણ જો તું અહીં આવીશ તો હું ત્હારો ધર્મ પ્રભાવ માન્ય રાખીશ. અન્યથા માન્ય રાખીશ નહિ. એમ કહેવાથી પરોપકાર કરવામાં તત્પર એવા મંત્રીએ રાજાનું કથન ફરી કબુલ કર્યું કેમકે શાસ્ત્રકાર ઠીકજ કહે છે કે પરોપકારને અર્થેજ સજ્જનોની વિભૂતિ હોય છે. પરોપકાર અર્થેજ ગાયો દૂઝે છે વૃક્ષો ફળે છે અને નદીઓ વહે છે. ત્યારપછી મંત્રી પોતાનું ઘર રાજાને ભળાવી ભાર્યાસહિત છતો દેશાન્તર જતાં કેટલાક દિવસે સમુદ્ર કાંઠે આવેલા ગંભીરપુર નગરે પહોંચ્યો અને નગર પાસેના બગીચામાં રહેલા શ્રી વીતરાગ દેવના મંદિરમાં પ્રભુને નમસ્કાર કરવા આવ્યો એવામાં આસપાસના લોકોના મુખથી તેણે સાંભળ્યું કે સાગરદત્ત નામનો વ્યવહારી વહાણો ભરી અન્ય દ્વીપ પ્રત્યે જતો છતો લોકોને દાન દેય છે. તે વાત સાંભળી મંત્રી પણ પોતાની ભાર્યાને ત્યાંજ મૂકી દાન લેવા માટે સમુદ્ર કાંઠે આવ્યો. ત્યાં તેણે દાન લેવાના અર્થી એવાં ઘણાં માણસ દેખ્યાં સહુ કોઇને દાન દઇ વાહણ ઉપર ચઢી ગયેલા સાગરદત્ત વ્યવહારીને દેખી મંત્રી પણ દાનને અર્થે જળમાર્ગે થોડીક ભૂમિ સુધી જઇ તેવા વહાણ ઉપર ચઢી શેઠ પાસે દાન માગવા લાગ્યો.

એટલે વ્યવહારીએ પણ તેને દાન આપ્યું. એ રીતે દાન લઇ મંત્રી જે વખતે પાછો વળવા ઇચ્છેછે તે વખતે સારા અનુકૂળ પવનવડે પૂરાયેલું વહાણ સમુદ્ર મધ્યે દૂર નીકળી ગયું. તેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે મંત્રી પાછો સમુદ્રના કાંઠે જઈ શકયો નહિ. તે વહાણ મધ્યે જ રહ્યો. અહીં સાગરદત્ત વ્યવહારીએ, અરસપરસ વાતચિત કરતાં, તે મંત્રી સકળકળામાં કુશળ છે એમ જાણ્યું એટલે તેણે મંત્રીને પૂછયું કે તમે કંઇ નામું લેખું જાણો છો ? મંત્રીએ કહ્યું કે જાણું છું. ત્યારે વ્યવહારીએ તેને કહ્યું કે તમે મ્હારા વ્યાપાર સંબંધી નામાં લખવાનું કામ કરશો ? મંત્રીએ તેની હા પાડી એટલે વ્યવહારીએ પણ તેને નામા લખવાના કામ ઉપર નીમ્યો એવી રીતે મંત્રી ત્યાં સુખેકરી કાળ નિર્ગમન કરે છે.

આ તરફ મંત્રીએ દેવકુળમાં મૂકેલી તેની ભાર્યા-**વિનય સુંદરી** સ્વપતિની ખબર નહિ પામતી કુંભારના ઘરે રહી. કુંભારે પણ તેણીના **પવિત્ર શીલના પ્રભાવથી** તેણીને પોતાની પુત્રી તરીકે કરી રાખી. કેમકે **લજ્જા, દયા, ઇન્દ્રિય-દમન, ધૈર્ય, પુરૂષ સંગાતે વાર્તાલાપથી વેગળા રહેવું, અને એકાકીત્વ (એકલવાસ-એકાન્ત ; ન સેવવું** એ બધાય ગુણ સ્ત્રીઓને શીલ રક્ષામાટે બહુ ઉપયોગી થાય તેવા છે. હવે **વિનય** સુંદરીએ ત્યાં રહીને પોતાને ઉચિત આવા **નિયમો** લીધા.
પોતાનો પ્રિયપતિ મળે ત્યાં સુધી ભૂમિઉપર શયન કરવું-માંચા ઉપર નહિ. સ્નાન ન કરવું. રાતાં વસ્ત્ર ન પહેરવાં. પુષ્પગંધ અને અંગ વિલેપન તજવાં. પાનબીડાં ન ખાવાં. લવંગ, એલાયચી અને જાયફળ ન ખાવાં. શોભા માટે શરીરનો મેલ પણ દૂર ન કરવો. શાક માત્ર ન ખાવાં. દહીં દૂધ પકવાન્ન ગોળ ખાંડ સાકર અને ખીર પ્રમુખ સઘળા સરસ આહાર ન કરવા. રસકસ વગરનોજ આહાર કરવો. સદાય એક વખતજ જમવું. મોટા કાર્ય વગર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘરની બહાર ન જવું, ગોખ–ઝરૂખામાં ન બેસવું, લોકોનાં વિ-
વાહ–લગ્નાદિ પણ ન જોવાં, બ્હેનપણીઓ સંગાતે પણ મશ્કરી-
ભર્યાં વચન ન બોલવાં, પુરૂષ સ્રીના શૃંગાર હાસ્યવિલાસ અને
વસ્રાદિસંબંધી વિકથા ન કરવી, વૈરાગ્ય ઉપજે એવીજ કથા
કરવી, નોકર ચાકર સાથે પણ આલાપ સંલાપ ન કરવા તો
પછી અન્યપુરૂષો સાથેનું તો કહેવુંજ શું? અને ચિત્રમાં આ
લેખેલા પુરૂષો પણ સરાગદ્રષ્ટિથી જોવા નહિ. હવે તે મંત્રી
પેલા વ્યવહારી સાથે સુખે સુખે રત્નદ્વીપે ગયો. ત્યાં **સુરપુર**
નામનું નગર છે. શક્રપુરંદર નામનો રાજા ત્યાં રાજ્ય કરે છે.
અહીં તે વ્યવહારીએ વહાણ ઉપરનાં બધાં કરીયાણાં ઉતારી
વખારોમાં નાંખ્યાં. તેની લેવડદેવડ કરવાનો બધો અધિકાર તેણે
મંત્રીને સોંપ્યો. તેથી તે મંત્રી તે નગરમાં રહ્યો છતો બધો
વ્યવસાય કરે છે અને સાગરદત્ત વ્યવહારી તો નગરમાં રહેનારી
ગણિકામાં આસક્ત થયો છે. કેમકે યૌવન, ધનસંપત્તિ, પ્રભુતા
અને અવિવેકીપણું એ એકેકાં પણ અનર્થ કરે તો પછી સાથે
મળ્યાં ચારનું કહેવું જ શું? અહીં એ શ્રેષ્ટી તો વેશ્યા સાથે
વિષયસુખ ભોગવે છે તેવામાં એકદા પેલી વેશ્યાને વિચાર
થયો કે જો આ શેઠનો ધર્મ બુદ્ધિ નામનો જે વ્યાપાશધિકારી
છે તે કોઇરીતે મ્હારા ઘરે આવે તો મ્હારે બહુ દ્રવ્યનો લાભ
થાય. કેમકે એજ સર્વ દ્રવ્યનો અધિકારી છે એમ વિચારી
સોળ શૃંગાર સજી કપટ કેળવવામાં કુશળ એવી તે વેશ્યા મં-
ત્રીને ક્ષોભાવવા માટે આવી. ત્યાં આવીને તેણીએ વિવિધ હાવ-
ભાવાદિ વિલાસ વડે મંત્રીને ડગાવવા ઘણા ઉપાય કર્યા પરંતુ
**સ્વદારા સંતોષ વ્રતને** ધરનારા મંત્રીના હૃદય ઉપર તેની

લગારે અસર ન થઇ–વેશ્યા પ્રત્યે રાગ ઉત્પન્ન ન થયો. એ રીતે સ્વહાવભાવ વિલાસવડે મંત્રીને અક્ષુબ્ધ–અડગ જાણી નિરાશ થયેલી તે વેશ્યા પાછી પોતાના ઘરે આવી. જેણે કુસંગ સર્વથા તજ્યો છે એવા એ મંત્રીની પ્રસિદ્ધિ આખા નગરમાં થઇ ગઇ. કહ્યું છે કે '**શીલ જ ઉત્તમ ધન છે, શીલજ જીવોને પરમ મંગળરૂપ છે, શીલજ દારિદ્રને હરનાર છે અને શીલજ સકળ સુખસંપદાને વસવાનું કુળભવન છે.** વળી સમસ્ત જનોને અત્યંત વ્હાલું એવું શીલ જેના અંગે ઉલ્લસે છે તેને અગ્નિ જલ્દી જળ રૂપ થઇ જાય છે, અને સમુદ્ર પાણીની નીક જેવો થઈ જાય છે; મેરૂ પર્વત એક નાનકડી શીલા જેવો થઈ જાય છે, અને કેશરી સિંહ શીઘ્રહરણ જેવો ગરીબ બની જાય છે; સર્પ ફૂલની માળ જેવો થઇ જાય છે, અને ઝેર અમૃતનું આચરણ કરે છે એટલે ઝેર હોય તે પવિત્ર શીલના પ્રભાવે અમૃત થઇ પરિણમે છે.

એકદા રાજાએ તે નગરમાં તળાવ ખણાવવા (ખોદાવવા) માંડયું, ત્યાંથી કેટલેક દિવસે લખેલાં તામ્રપત્રો નિકળ્યાં. લોકોએ તે તામ્રપત્રો રાજાને સોંપ્યાં. રાજાએ તે લખેલાં તામ્રપત્રોમાંનો પરમાર્થ જાણવાને ત્યાંના પંડિતોને આપ્યાં. પરંતુ તેમાં બીજી લિપી હોવાથી કોઇ તે વાંચવા સમર્થ થઈ શકયું નહિ. ત્યારે છેવટે કૌતકી રાજાએ એવો ઘોષ કરાવ્યો કે જે કોઇ આ તામ્રપત્રોમાંના અક્ષરો વાંચશે તેને રાજા પોતાની કન્યા અને અર્ધું રાજ્ય આપશે. એ રીતે પટહ ( પડો ) વાગતો મંત્રીના ઘર પાસે આવ્યો. ત્યારે મંત્રીએ તે પડહો સ્પર્શ્યો. પછી મંત્રીએ રાજસભામાં જઇ તે તામ્રપત્રો વાંચ્યાં કે જ્યાંથી એ તામ્રપત્રો નિકળ્યાં

છે ત્યાંથી પૂર્વ દિશામાં દશ હાથ છેટે જઇને કેડપ્રમાણ ભૂમિ ખોદતાં ત્યાં એક મોટી શિલા આવશે. તેની નીચે દશ લાખ સોના મહોર છે.

તે સાંભળી સહુને ચમત્કાર થયો. કૌતુક જોવાને ઉત્કંઠિત મનવાળા રાજાએ કહ્યું કે ત્યારે હમણાંજ ત્યાં જઇ જોઇએ. પછી સર્વ લોકોના પરિવાર સહિત રાજા ત્યાં ગયો, અને તામ્રપત્રોમાં લખ્યા મુજબ બધું કીધું. એટલે એમાંથી દશલાખ સોના મહોર નિકળી. સર્વ કોઇને ઘણો હર્ષ થયો. રાજાએ પણ મંત્રીની પ્રશંસા કરી, કે અહો જ્ઞાનનું કેવું માહાત્મ્ય છે ? વિદ્વાનમાં અને રાજામાં કેટલું અંતર છે ? રાજા સ્વદેશમાં પૂજાય છે અને વિદ્વાન્ જયાં ત્યાં સર્વત્ર ( રાજસભાદિકમાં ) પૂજાય છે–સત્કાર-પાત્ર થાય છે. હવે રાજાએ તે મંત્રીને સૌભાગ્ય સુંદરી નામની સ્વપુત્રી, અર્ધું રાજ્ય અને અનેક હાથી ઘોડા મણિ માણિકય સુવર્ણાદિકથી ભરેલાં બત્રીશ વહાણ આપ્યાં. મંત્રીની આવી ઋદ્ધિ જોઇને સાગરદત્ત વ્યવહારી હૃદયમાં બળવા લાગ્યો. પછી સાગરદત્તવ્યવહારી પોતાનાં બાકીનાં કરીયાણાં વેચીને ત્યાંના ભાતભાતનાં બીજાં કરીયાણાંવડે વહાણ ભરીને મનમાં ઇર્ષ્યાથી બળતો છતો મંત્રીને માણસ મોકલી બોલાવતો હવો. એટલે મંત્રીએ પણ પોતાના સાસરા–રાજાને જણાવ્યું કે હવે હું સ્વદેશે જઇશ. ત્યારે રાજાએ પણ અર્ધરાજ્ય મૂલ્ય પ્રમાણ સુવર્ણ રત્ન અને માણેક વિગેરેથી ભરેલાં વહાણ તેને સોંપ્યાં. સમુદ્ર તટ સુધી તો રાજા પણ તેને વળાવવા આવ્યો. પછી મંત્રી અને વ્યવહારી સમુદ્ર વાટે ચાલ્યા. હવે તે સાગરદત્ત વ્યવહારી મંત્રીનાં રત્ન ભરેલાં વહાણ અને રૂપવંતી સ્ત્રીને દેખી લોભ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશા પામ્યો છતો વિચારવા લાગ્યો કે કપટ કરીને જો હું એને મારૂં તો આ બધુંય મ્હારે આધીન થાય. એમ વિચારી તેણે મંત્રી સંગાતે અધિક પ્રીતિ કરવા માંડી. દેવું, લેવું, અંતરની વાત કહેવી અને પૂછવી, ખાવું અને ખવરાવવું એ છ પ્રીતિનાં લક્ષણ લેખાય છે પણ "પાશા, વેશ્યા, અગ્નિ, જળ, ઠગ, ઠાકુર સોનાર; એ દશ ન હોય આપણા દુર્જન સર્પ મંજાર." વળી શાસ્ત્રમાં કહ્યું છે કે ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રાઇનો નાશ કરે છે અને લોભ (તો) સર્વનો નાશ કરે છે, વૈર, વૈશ્વાનર (ક્રોધ અગ્નિ), વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચ વિકારો વધ્યા છતાં મહા અનર્થકારી થાય છે. મિત્રદ્રોહી, કૃતઘ્ન, ચોર, અને વિશ્વાસઘાતી એ મહા ચંડાળ લેખાય છે. હવે કપટ કેળવવામાં કુશળ એવો તે વ્યવહારી મંત્રીને કહેવા લાગ્યો કે જૂદા જૂદા વહાણમાં રહ્યા છતાં આપણી પ્રીતિ શી લેખાય? એટલા માટે તું મ્હારા વહાણમાં આવી જા. એમ કહેવાથી સરલ સ્વભાવી મંત્રી તેના વહાણમાં આવ્યો. એકદા મંત્રીને સાગરદત્તે કહ્યું કે આપણે વહાણના છેડે બેસી ઉછળતા સમુદ્રના મોજાંની શોભા જોઇએ તો ઠીક. મંત્રીએ પણ તે વાત સ્વીકારી. એટલે અવસર પામીને તે લોભાંધ સાગરદત્તે મંત્રીને સમુદ્રમાં નાંખી દીધો. મંત્રીને તો સમુદ્રમાં પડતાંજ નવકાર મંત્રનું સ્મરણ કરવાના પ્રભાવવડે એક પાટીયું હાથ લાગ્યું. ત્યારબાદ બધાં વહાણ તો આગળ ચાલ્યાં. હવે તે દુષ્ટ સાગરદત્ત કૃત્રિમ શોક કરી વિલાપ કરતી રાજપુત્રીની પાસે આવી કપટવડે વિલાપ કરતો છતો બોલ્યો કે હે ભદ્રે! જો તું મ્હારૂં કથન કબૂલ કરીશ તો હું ત્હને મ્હારા સર્વ કુટુંબની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વામિની કરી સ્થાપીશ. તેનું આવું વચન સાંભળી તે ચતુરાએ જાણ્યું કે ખરેખર લોભાન્ધ એવા આજ દુર્જને મ્હારા પ્રિયપતિને સમુદ્રમાં પાડી દીધા લાગે છે. કેમકે 'ઘૂડ દિવસે દેખે નહિ અને કાગ રાત્રે દેખે નહિ પણ કામાન્ધ તો કોઇ એવો અપૂર્વ અંધ છે કે દિવસે કે રાત્રે કયારે પણ દેખતોજ નથી. જાત્યંધતા કરતાં પણ કામાન્ધતા બહુ વસમી એટલા માટે છે કે તેમાં મદોન્મત્ત બનેલો તે અનર્થ કરે છે. કામ અર્થી દોષને જોઇ શકતો નથી. અહીં સ્વશીલની રક્ષા અર્થે તેણીએ કહ્યું કે હમણાં મને પીડા થાય છે એથી નગરમાં ગયા પછી વિચાર કરશું. એવા તેણીના વચનથી સાગદત્ત સ્વસ્થ થયો. અહીંથી તેનું વહાણ પણ અનુકૂળ પવનથી પૂરાયું છતું ગંભીરપુરનગરે આવી પહોંચ્યું. તે વખતે સૌભાગ્યસુંદરી સ્વશીલની રક્ષા અર્થે વહાણમાંથી નીચે ઉતરી નજદીકમાં આવેલા શ્રીઋષભદેવ પ્રભુના પ્રસાદ મધ્યે જઇ કમાડ બંધ કરીને અંદર રહી તેણીએ કહ્યું કે જો મ્હારો શીલનો પ્રભાવ હોય તો મ્હારા ઉઘાડયા વગર કમાડ મ ઉઘડો. પેલો સાગરદત્ત તેના ઘરે ગયો. અને ધર્મબુદ્ધિ મંત્રી **નવકાર મંત્રના પ્રભાવથી** પાટીયું પામીને અનુક્રમે સમુદ્રના કાંઠે આવ્યો. જીનશાસનનો સાર અને ચૌદ પૂર્વનો સમુદ્ધાર એવો નમુક્કારમંત્ર જેના મનમાં વસ્યો હોય તેને સંસાર-સમુદ્ર તરવો સુલભજ છે. અપૂર્વ કલ્પતરૂ અને અપૂર્વ ચિન્તામણિ સમાન આ મહામંત્રને જે સદાકાળ ધ્યાવે છે, તે વિશાળ ( અનંત ) શિવસુખને પામે છે. આઠ ક્રોડ આઠ હજાર આઠસોને આઠવાર નમુક્કાર મંત્રને જે ગણે છે તે શાશ્વત સ્થાનક-મોક્ષ પદવીને પ્રાપ્ત થાય છે. હવે તેણે સમુદ્રતટથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગળ ભમતાં છતાં એક શૂન્ય નગર દેખ્યું. ધીમે ધીમે નગરમાં પેસતાં તેણે અનેક મણિ માણેક રત્ન વિદ્રુમ મોતિ અને સુવર્ણાદિ વિવિધ વસ્તુ અને કરીયાણાંથી ભરેલી દુકાનો અને તોરણવાળાં ઘર જોયાં, જે દેખીને તે બહુ ચમત્કાર પામ્યો. સાહસવડે એકાકીજ નગર મધ્યે ભમતો તે રાજમંદિરમાં સાતમા માળઉપર ગયો. ત્યાં ખાટલા ઉપર તેણે એક ઊંટડીને દેખી તેમજ ત્યાં કાળા અને ધોળા અંજનથી ભરેલી બે કુંપીઓ તથા બે સળીયું (શલાકા) દેખી. તે દેખીને વિસ્મિત થઈ કૌતુકવડે ધોળા અંજનથી તેણે ઊંટડીની આંખો આંજી, એટલે તેના પ્રભાવથી તે દિવ્યરૂપવાળી સુંદરી થઈ ગઇ, અને તત્કાળ તેણીએ આસન મૂકયું. પછી મંત્રીએ તેણીને પૂછયું કે તું કોણ છે? કોની પુત્રી છે? આવી સ્થિતિ કેમ થઈ? આ નગર કયું છે? અને એ બધું શા કારણથી લોકરહિત શૂન્ય થઇ પડયું છે? એમ સાંભળી તે કન્યા પોતાનાં નેત્રમાંથી આંસુ સારતી છતી કહેવા લાગી કે હે પુરૂષોત્તમ? તું અહીંથી શીઘ્ર જતો રહે. કેમકે અહીંયાં એક રાક્ષસી રહે છે તે તને ખાઇ જશે. ત્યારે મંત્રીએ ફરીને પૂછયું કે હે સુલોચને! તે રાક્ષસી કોણ છે? ઈત્યાદિ બધો વૃત્તાંત તું સ્પષ્ટતર કહે. ત્યારે તે કહેવા લાગી કે હે સત્પુરૂષ! આ નગરનો સ્વામી ભીમસેન નામનો રાજા હતો. હું તેની પુત્રી છું. તે મ્હારો પિતા તાપસનો ભક્ત હતો. એકદા કોઇક માસ ઉપવાસી તપસ્વી આ નગરમાં આવ્યો હતો. તેને મ્હારા પિતાએ ભોજન માટે નિમંત્ર્યો હતો અને ભોજન પીરસવા માટે રાજાએ મને હુકમ કર્યો હતો. તેથી આ તાપસ મ્હારૂં રૂપ જોઇને ક્ષોભ પામ્યો. વિકારવશ થઇ ગયો. રાત્રે મ્હારી પાસે

આવતા એવા તેને ચોકીદારોએ પકડી બાંધ્યો અને પ્રભાતે રાજાને સોંપ્યો અને રાજાએ તેને શુલીએ દીધો. તે આર્ત ધ્યાનવડે મરીને રાક્ષસીપણે ઉત્પન્ન થયો. તે રાક્ષસીએ નગરને ઉજ્જડ કરી પૂર્વના વૈરવડે રાજાને મારી નાંખ્યો. તે દેખીને નગરના લોકો સઘળા ભયભ્રાન્ત થયા છતા નગરમાંથી પલાયન કરવા લાગ્યા, અને નગર બધું શૂન્ય થઇ પડયું. ફક્ત મ્હને મોહભાવથી જીવતી રાખી, અને પૂર્વભવના સ્નેહ તથા મહામોહવડે શ્વેત અંજન આંજી મ્હને ઉંટડી કરી સ્થાપી છે. પ્રતિદિન તે રાક્ષસી ત્હારી સાર કરવા માટે અહીં આવે છે. હવે તું છાનો છુપાઇ રહે. કેમકે તે રાક્ષસી હમણાંજ આવતી હશે. વળી એકદા તે રાક્ષસીને મ્હેં પૂછ્યું હતું કે હે માતા! આ અરણ્યમાં એકલી રહીને હું શું કરૂં ? માટે મ્હને મારી નાંખ. ત્યારે તે રાક્ષસીએ કહ્યું હતું કે જો કોઇ તારા યોગ્ય વર મળશે તો તેને હું સોંપીશ. હવે અત્યારે તેના આગમનનો અવસર છે. કદાચ તે મને તુજને સોંપે, તો ત્હારે આ રાક્ષસી પાસેથી આકાશગામિની વિદ્યા, પ્રભાવવાળો ખાટલો, મહા મૂલાં રત્નની પેટી, પ્રભાવવાળી રાતી અને ધોળી કણવીરની કંબા, અને દિવ્યરત્નની બે ગ્રંથીઓ એટલી વસ્તુઓ કરમોચન અવસરે માંગી લેવી. એ રીતે સંકેત કરી મંત્રી છૂપો સંતાઈ રહ્યો. એવા અવસરમાં મનુષ્યને ખાઉં ખાઉં એમ બોલતી બોલતી પેલી રાક્ષસી ત્યાં આવી. તેણે ધોળા અંજનવડે પેલી ઉંટડીને કન્યા કરી દીધી. પછી તે રાક્ષસી સાથે વાતચિત કરતાં તેણીએ સ્વયોગ્ય વરની માગણી કરી. ત્યારે રાક્ષસીએ કહ્યું કે ત્હારે, યોગ્ય કોઇવર હું જોતી નથી ( મ્હને દ્રષ્ટિગત થતો નથી. ) કન્યાએ કહ્યું કે હું જ

યોગ્ય વર બતાવું તો કેમ? રાક્ષસીએ જણાવ્યું કે તો હું હમણાંજ તને તેના પ્રત્યે આપી દઉં. આ રીતે નક્કી થયા પછી પૂર્વસંકેત પ્રમાણે મંત્રી ત્યાં પ્રગટ થયો. રાક્ષસીએ પણ તેને કન્યા સાથે પરિણાવી દીધો. [1]કરમોચન અવસરે તેણે આકાશગામિની વિદ્યા પ્રમુખ પાંચવાનાં માંગી લીધાં. રાક્ષસીએ પણ એ બધી વસ્તુઓ તેને આપી દીધી. પછી રાક્ષસી ક્રીડાદિ નિમિત્તે અન્યત્ર ચાલી ગઇ. ત્યારે તે કન્યાએ મંત્રીને કહ્યું કે હે સ્વામિન્! હવે આપણે સ્વસ્થાનકે જઇએ! ત્યારે મંત્રીએ કહ્યું કે સ્વનગરાદિના માર્ગની માહેતી વગર શી રીતે જવું? એટલે કન્યાએ કહ્યું કે હવે આપણે બે રત્નગ્રંથિ ગ્રહણ કરી ખટવામાં બેસી શ્વેતકંબા તેને મારશું એટલે એ ખટવા આપણને ઇચ્છિત સ્થાને લઇ જશે. અને જો કદાચ રાક્ષસી પછવાડે આવે તો તમારે તેને રાતી કણવીરની કંબા મારવી એટલે એ રાક્ષસી પ્રભાવરહિત થઇ છતી પાછી જતી રહેશે. એ રીતે સંકેત કરી તે બંને ચાલ્યા પછી પેલી રાક્ષસી ત્યાં આવી અને સ્વસ્થાન શૂન્ય પડેલું દેખીને 'હા હા! હું ઠગાણી' એમ ચિન્તવતી તે રાક્ષસી તેમની પુંઠે દોડી અને મળી પણ મંત્રીએ કણવીર કંબા મારવાથી તે પાછી ચાલી ગઇ. ત્યારપછી જ્યાં પૂર્વની બે સ્ત્રીઓ છે અને જ્યાં ગંભીરપુર પાટણ છે. તેજ નગરના ઉદ્યાન (વન)મધ્યે ખટવાના પ્રભાવથી મંત્રી આવી પહોંચ્યો. કન્યાદિકને બહાર મૂકીને મંત્રી સ્થાન જોવાને નગરમાં ગયો, એવામાં ત્યાં એક વેશ્યા આવી. તેણે તે કન્યાનું રૂપ જોઇ ચિન્તવ્યું કે જો આ કન્યા મ્હારા ઘેર આવે તો આંગણે

૧ લગ્ન વખતે વરને જે પહેરામણી આપે છે તે, (કન્યાદાન.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલ્પવેલી જ રોપાયેલી સમજ્યું એટલા માટે ગમે તે ઉપાયવડે કન્યાને લઇ જવી; એમ વિચારી તે કન્યા પાસે આવી વેશ્યા કહેવા લાગી કે હે વત્સે ! તું કોની પત્ની છે ? અને કયાંથી આવી છે ? અને હારો ભર્તાર કયાં છે ? એમ પૂછયે છતે તેણે વેશ્યા પાસે પોતાની હકીકત યથાસ્થિત કહી દીધી. ત્યારે કપટ કેળવવામાં ચતુર એવી તે વેશ્યાએ કહ્યું કે અહો ! ત્યારે તો તું મ્હારી ભોજાઇ છે. અહીં કેમ બેસી રહી છે ? મ્હારાભાઇ તો મ્હારા ઘરે આવેલા છે. તેણે તુને જ બોલાવવા માટે મને મોકલી છે. તેથી તું મ્હારી સાથે મ્હારા ઘરે ચાલ. એમ કહ્યું એટલે તે સરલ સ્વભાવી હોવાથી વેશ્યાના ઘરે ગઇ. ખરી વાત છે કે અત્યંત સરલ માણસ દુર્જનોવડે છળાઇ જાય છે. પેલી હલકી વેશ્યાએ તેણીને પોતાના આવાસમાં સાતમા માળે રાખી. હવે આ સરલ કન્યા પેલી કુલટાને પૂછેછે કે મ્હારા સ્વામીનાથ કયાં છે ? ત્યારે કુલટા કહેવા લાગી કે અહીં ત્હારા ઘણા સ્વામીનાથો આવશે. એમ કહી તે કુલટાએ તેણીને સ્વકુલાચાર સમજાવ્યો. ત્યારે તે કુળવંતી કન્યા વિચારવા લાગી કે હા ! હવે મ્હારે શી રીતે **સ્વશીલની રક્ષા** કરવી ? કેમકે મનુષ્યોનું શીલજ કુળની ઉન્નતિ કરનાર છે, શીલજ પરમભૂષણ છે. શીલજ નિર્દોષ અમૂલ્ય ધન છે. શીલજ સદ્‌ગતિદાયક છે. વિશાળ શીલજ દુર્ગતિને દૂર કરનાર છે. શીલજ પવિત્ર યશને આપનાર છે. શીલજ નિર્વૃત્તિકારક અનંત સુખદાયક છે. વિશેષ શું કહેવું ? શીલ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે. તેથી તેની ભલી રીતે રક્ષા કરવી જ જોઇએ, એમ વિચારી શીલનો ભંગ ન થવા દેવા માટે એક ઓરડામાં પેસી જઇ તેના કમાડ બંધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી દીધાં. તે કન્યાના શીલના પ્રભાવથી ઓરડાના બારણાં કોઇ રીતે ઉઘડતાં નથી. અને પહેલાં પરણેલી મંત્રી પત્ની વિનયસુંદરી પણ શ્રીદત્તકુંભારના ઘરે રહી થકી કોઇક કામાતુર રાજપુત્રે હાસ્યાદિકવડે પરાભવી છતી સ્વશીલની રક્ષા માટે તેવીજ રીતે કમાડ બંધ કરીને ઘરમાં રહી છે. હવે આ હકીકત રાજદ્વારે પહોંચી. એટલે સ્વનગરની રક્ષા માટે રાજાએ પટહોદ્‌ઘોષણા કરાવી કે જે કોઇ ત્રણ કમાડ ઉઘાડશે અને ત્રણ કન્યાઓને બોલાવશે એને રાજા રાજ્યાર્ધ અને રાજકન્યા આપશે. આ તરફ તે મંત્રી નિજ નિવાસ અર્થે સ્થાન તપાસી અને ભોજન ગ્રહણ કરી પ્રથમના ઉપવનમાં આવી જેવે છે તો ત્યાં નિજ ભાર્યા દેખી નહિ તેથી વિહ્વળ થઇ તે નગર મધ્યે ભમવા લાગ્યો. એવામાં તેણે પેલી પટહોદ્‌ઘોષણા થતી સાંભળી, અને તેની હકીકત જાણીને તે પટહને સ્પર્શી બહુ લોકના પરિવાર સહિત મંત્રી કુંભારના ઘરે આવ્યો. અને બારણાં પાસે આવી તેણે પૃથ્વીભૂષણ નગરથી નીકળ્યા ત્યારથી માંડી ગંભીરપુર નગરે આવ્યા અને વિનયસુંદરીને દેવકુળમાં મૂકવા સુધીનો બધો વ્યતિકર(વૃત્તાંત)કહ્યો.તે સાંભળી તુર્ત વિનયસુંદરીએ કમાડ ઉઘાડયાં અને મંત્રીને ઓળખી લીધા. ત્યારપછી **શ્રી યુગાદિદેવના** પ્રાસાદે આવી સુરપુર નગરથી વહાણ ચાલ્યાં ત્યાંથી માંડીને સમુદ્રમાં પડયા સુધીનો તેણે સંબંધ કહ્યો એટલે રત્નવતીએ પણ સ્વર ઉપરથી પોતાના પતિને ઓળખી કમાડ ઉઘાડયાં પછી તે મંત્રીએ વેશ્યાના ઘરે આવી પાટીયું હાથમાં આવ્યાથી સમુદ્ર તરી તે નગરમાં આવી, સ્થાન જેવા અને ભોજન ગ્રહણ કરવા નગરમાં જવા સુધીની સઘળી હકીકત કહી એટલે તે ત્રીજી સ્રીએ પણ પૂર્વની રીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીને ઓળખી કમાડ ઉઘાડયાં. એ રીતે ત્રણે સ્ત્રીઓ સ્વપતિને પામી સ્વસ્વવૃત્તાન્ત મંત્રીને કહેતી હવી. આ વ્યક્તિકરથી પ્રસન્ન થયેલા રાજાએ નિજ રાજ્યાર્ધ અને સ્વકન્યા મંત્રીને આપ્યાં. હવે મંત્રીએ રાજાને સાગરદત્તનો અને વેશ્યાનો વૃત્તાન્ત કહ્યો એટલે રાજાએ સાગરદત્તને બોલાવી મંત્રીનું સઘળું દ્રવ્ય મંત્રીને સ્વાધીન કરાવ્યું. અને અન્યાયકારી એવા એ સાગરદત્તને રાજાએ ચોર યોગ્ય સખ્ત (દેહાન્ત) દંડ દીધો. ત્યારે દયાળુ મંત્રીએ રાજાને પગે લાગી તેને જીવતો મૂકાવ્યો. પછી રાજાએ વેશ્યાનું પણ સઘળું સ્વાધીન કરી લઇ તેના કાન નાક છેદાવી સ્વદેશમાંથી તેણીને બહાર કઢાવી મૂકી પછી મંત્રી તે ચારે સ્ત્રીઓ સંગાતે દોગુંદક દેવની પેરે વિષય સુખને ભોગવતો છતો ત્યાંજ કેટલાએક દિવસ સુધી સુખે રહ્યો.

હવે એકદા પાછલી રાત્રે તે ધર્મબુદ્ધિ મંત્રી જાગ્રત થયો પાપ બુદ્ધિ રાજાએ કરેલાં અપમાનાદિકને સંભારી તેને પુન્યનું ફળ બતાવવા માટે પ્રભાતે પોતાની ચારે સ્ત્રીઓ સંગાથે તે મ્હોટું સૈન્ય લઇને પૃથ્વીભૂષણનગર ભણી ચાલ્યો. શત્રુનું સૈન્ય આવેલું સાંભળી પાપબુદ્ધિ રાજા નગરના દરવાજા મજબૂતીથી બંધ કરી નગરમાંજ રહ્યો, એટલે મંત્રીએ રાજા પ્રત્યે દૂત મોકલ્યો. દૂતે આવીને પાપબુદ્ધિ રાજાને કહ્યું કે હે રાજન્! મ્હારા સ્વામી કહે છે કે મ્હારી સાથે યુદ્ધ કરો નહિ તો મુખમાં તૃણ લઇ નગરમાંથી બહાર આવો. તે સાંભળીને રાજાએ કહ્યું કે પ્રભાતે યુદ્ધ કરીશ. પ્રભાતે તે પાપબુદ્ધિ રાજા સર્વ સૈન્યયુક્ત યુદ્ધ કરવા નગર બહાર નિકળ્યો. બંને સૈન્યો વચ્ચે યુદ્ધ થયે છતે ધર્મબુદ્ધિ મંત્રી રાજાને બાંધી કહેવા લાગ્યો કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે રાજન્ ! તું મ્હને ઓળખે છે શું ? રાજાએ કહ્યું કે તમને સૂર્યની જેમ કોણ ઓળખતું નહિ હોય ? મંત્રીએ કહ્યું કે એમ નહિ. કંઇક વિશેષ લક્ષણવડે ઓળખ કરો. રાજાએ કહ્યું કે હું ઓળખી શકતો નથી. મંત્રીએ કહ્યું કે તે હું ધર્મબુદ્ધિ (મંત્રી) તને ધર્મનું ફળ દેખાડવા માટે આવ્યો છઉં હવે કહે કે ધર્મ છે કે નહિ ? (ધર્મનાં ફળ સાચાં કે ખોટાં ?) એમ કહીને મંત્રીએ રાજાને ધર્મ સંબંધી ફળના વિષે દ્રઢ કર્યો. અને બંધનમાંથી મુક્ત કર્યો. એટલે તે બન્ને પ્રમોદ (હર્ષ) ઉત્પન્ન થયો. પાપબુદ્ધિ રાજાને પણ પુન્યનું (પ્રગટ) ફળ દેખી ધર્મ ઉપર પ્રેમ ઉપજ્યો. પછી તે બંને તેજ નગરમાં સુખે રાજ્ય કરવા લાગ્યા.

કેટલોક કાળ વીત્યા પછી વનપાલક વધામણી લાવ્યાં કે પાસેના ઉપવનમાં કેવળજ્ઞાની મુનિ પધારેલા છે તે સાંભળી,રાજા અને મંત્રી પ્રમુખ તેમને વંદન કરવા કરવા માટે આવતા હવા. તે વખતે સર્વજ્ઞ મુનિએ નીચે મુજબ ધર્મદેશના પ્રારંભી, ભોગ–વિલાસમાં રોગનો ભય રહે છે, દશ્ય સુખમાં ક્ષય પામી જવાનો ભય રહે છે, પૈસાને અગ્નિ અને રાજાદિકનો ભય રહે છે, માનને અપમાનનો ભય રહેછે, જયમાં શત્રુનો ભય રહે છે, વંશમાં કુલટાનો ભય રહે છે, નોકરીમાં સ્વામીનો ભય રહે છે. ગુણમાં દુર્જનનો ભય રહે છે, અને કાયાને યમનો ભય રહે છે. આ જગતમાં પ્રાણીઓને સર્વત્ર ભય લાગતો રહે છે. ફક્ત વૈરાગ્ય જ અભય–ભયમુક્ત નિર્ભય છે. જ્યારે જરા અવસ્થા આવે છે ત્યારે શરીર અને ઇન્દ્રિયો શિથિલ થઇ જાય છે. તેમજ સ્વજન સ્ત્રી પુત્રાદિક પણ અપમાન કરે છે. ગમે તેવા વિદ્વાન હોય, શૂરા હોય, પદ્મી–

ધરો હોય કે ગમેતો ઇન્દ્ર કે ચક્રવર્તી પ્રમુખ હોય તેમને પણ અંતે યમને શરણ થયા વગર છૂટકો નથી જ. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં એવું કોઇ પણ પ્રાણી નથી કે જે સર્વથા મરણના ભય રહિત અમર હોય. કર્મવશ જન્મ મરણના ફેરા અરહટ્ટઘટિકાની પેરે પ્રાણીમાત્ર કરતા દીસે છે. વળી તૂટયું આવખું સાંધવાને કોઇપણ સમર્થ થઇ શકતું નથી. ગમે તેવી વિદ્યા, ઔષધ–ભેષજ, માતાપિતા, પુત્રપરિવાર, નોકરચાકર, કુળદેવતા, પૈસોટકો, શરીરબળ, ભાઇબ્હેનો, સાસુસસરા, કે મોટા દેવ પણ તૂટેલા આવખાને સાંધી શકતા નથી. એક પળ પણ આવખું વધારી આપી શકતા નથી. અરે ! નવ યૌવનવડે માતેલાં, યથેચ્છ ખાનપાનવડે પોષેલાં અને વસ્ત્ર અલંકારવડે શોભાવેલાં શરીરો શ્વાસોશ્વાસ પૂર્ણ થતાંજ ભૂમિ ઉપર લુંઠી પડે છે. અહો ! જ્યારે ગામાંતરે જાવું હોય ત્યારે સહુ કોઇ લોકો સંબલ[1] સાથે લઇ ચાલે છે આતો સાવ પ્રસિદ્ધ વાત છે પણ લાંબા પરલોકના માર્ગે પ્રયાણ કરતાં પણ કમનશીબ એવા મૂઢજનો કંઇ પણ સંબળ સાથે લઇ જવાનો ખ્યાલ નથી રાખતા એ કેટલું બધું આશ્ચર્ય ! જ્યાંસુધી શરીર સ્વસ્થ–રોગરહિત છે, જરા અવસ્થા આવી પહોંચી નથી. ઇન્દ્રિયોની શક્તિ સાબીત છે. ક્ષીણ થઇ ગઇ નથી અને આવખું પણ તૂટયું નથી, ત્યાંસુધીમાં જ સુજ્ઞજનોએ આત્મકલ્યાણ કરી લેવા મહાન્ ભગીરથ પ્રયત્ન કરી લેવો યુક્ત છે. ઘર સળગવા માંડયા પછી કૂવો ખોદવા માટે ઉદ્યમ કરવો એ શા કામનો ? ખરી વખત વીત્યા પછી કરવામાં આવતો પ્રયાસ નકામો ચાલ્યો જાય છે–નિષ્ફળ થવા પામે છે. એમ

૧ સંબલ–ભાતુ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજી નિજ શ્રેય કરી લેવા સુજ્ઞ જનોએ જરૂર સવેળાએ ચેતવું જોઇએ. મનુષ્યોને સોએક વર્ષનું પરિમિત આયુષ, તેનો અર્ધ ભાગ રાતમાંજ ચાલ્યો જાય, તેનું અર્ધું કે અધિકેરૂં વૃદ્ધત્વ અને બાલ્યત્વમાં ચાલ્યું જાય. જે બાકી રહ્યું તે વ્યાધિ, વિયોગ, શોક અને વિષયાસક્તિમાં વહી જાય છે. જળ તરંગ જેવા જોતજોતામાં હાથતાળી દઇને અલોપ-અદ્રશ્ય થઇ જનારા આ માનવદેહમાં પ્રાણીને ધર્મ કરવાનો અવકાશ કયાં છે? જે થોડો ઘણો વખત બચવા પામે ત્યાં પાછો પ્રમાદ આવી નડે!

પ્રથમ તો સ્ત્રીના ઉદરમાં મનુષ્યોને ગર્ભાવાસનું આકરૂં દુઃખ સહન કરવું પડે છે. પછી બાલ્યાવસ્થામા પણ મળથી ખરડેલું શરીર, માતાનાં સ્તનપાન ઉપર રહેવું, અને મુખથી-વાચાથી ન વદી શકાય એવાં શરીર સંબંધી અનેક દુઃખ સહવાં પડે છે. તરૂણ વયમાં પણ ઇષ્ટ વિયોગાદિનું ભારે દુઃખ પરવશપણે સહન કરવું પડે છે. અને વૃદ્ધ અવસ્થા પણ પુત્ર પારવારાદિક સબંધી અપમાનાદિવડે સાવ અસાર થઇ પડે છે. આ ઉપરાન્ત સંસારમાં કંઈ લેશ માત્ર પણ સુખ સમજાતું હોય તો તમે કહો દારિદ્રવડે આકુળ વ્યાકુળ થયેલા પુત્ર પુત્રી અને સ્ત્રી પ્રમુખની ચિન્તાને ધારણ કરતા, દિનરાત દુઃખે ભરી શકાય એવા દેહની પોષણા માટે સદા પરિભ્રમ કરતા, રાજાની આજ્ઞાનું પ્રતિપાલન કરવા સદાય સાવચેતી રાખતા, હાશ કરીને બેસી નહિ શકતા અને છતા અછતા સર્વ ઉપદ્રવની ભીતિ ધરતા એવા પુન્યરહિત પ્રાણીયોના જીવિતને ધિક્કાર છે. ધર્મરૂપી ઢાલ વગરના અને મોહના પાસમાં સપડાઇ ગયેલા જીવોના કેવા બુરા હાલ થાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે તેનો કંઇક ખ્યાલ તો કરો ! પુન્યરૂપી રૂડો વળાવો જેની સાથે હોય તેમને આવી ભીતિ શામાટે હોય ? ધર્મરૂપી સબળ સંબળ જેની સાથેજ હોય તેને વિપદા પડે કયાંથી ? કોઇ પણ સંસારી જીવ કોઇપણ રીતે ઘણું કરીને સદાય દુઃખીજ દેખાય છે. કેમકે દ્રવ્યહીન હોય તે દ્રવ્ય મેળવવાની ચિન્તાવડે દુઃખી, દ્રવ્યવાન–લક્ષ્મીપતિ હોય તે તેનું રક્ષણ કરવા માટે ચિન્તાતુર, સ્ત્રીરહિત હોય તે સ્ત્રીને પ્રાપ્ત કરવા સંબધી ઉપાયમાં ગુંથાયેલો, સ્ત્રીવાળો હોય તે પુત્રપુત્રીરૂપ સંતાનની તીવ્ર ઇચ્છાવડે બળતો, અને કદાચ એ બધાંય વાનાં મળ્યાં હોય તોપણ તે સદાય કંઇક પ્રકારના રોગવડે પીડાતો હોય છે. ધર્મ–પુન્યની ખામીનું જ આવું પરિણામ જાણી સુજ્ઞજનોએ પરભવ જતાં ધર્મ સંબલ જરૂર સાથે રાખવુંજ જોઇએ. ધર્મ સંબલ સાથે હોય તો જ માણસને ખરી દીલસોજી છે. સુકૃત કરણી કરી લેવામાં એક ક્ષણવાર પણ વિલંબ ન જ કરવો. કેમકે દિવસે દિવસે અને પળે પળે આવખું ખૂટતું જ જાય છે. જ્યારે આવખું તૂટે છે ત્યારે યમ કંઇ પ્રતીક્ષા–વિલંબ કરતો નથી. એમ સમજી–ચેતી હે ભવ્યાત્માઓ ! ધર્મકાર્ય કરવાના વાયદા ન કરો. જે ધર્મ કૃત્ય કાલ કરવા ધારતા હો તે આજેજ કરો. અને આજે કરવા ધારતા હો તે હમણાં જ કરો. કેમકે ક્ષણક્ષણ કરતાં આવખું બધું ખૂટી જાય છે. એ રીતે ધર્મદેશના સાંભળ્યા પછી રાજાએ પૂછ્યું કે હે ભગવન્ ! મ્હેં પૂર્વભવમાં એવું શું કર્મ કર્યું છે કે જેવડે મ્હને ધર્મ અત્ર પ્રિય થયો નહિ, તેમજ મંત્રીએ એવું શું સુકૃત પૂર્વે કરેલું કે જેવડે તેને આટલી બધી ઋદ્ધિ સાંપડી ? ત્યારે કેવળી ભગવાન્ કહેતા હવા કે પૂર્વભવમાં તમે બંને **સુંદર** અને **પુરંદર** એ નામે ભાઇઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. સુંદર તો મિથ્યાત્વવડે મુઝાયેલો હોવાથી અજ્ઞાન કષ્ટ કરનાર તાપસ થયો, અને પુરંદર હતો તેણે જૈન સાધુની સંગતિવડે તેમના ઉપદેશાનુસારે જિનપ્રાસાદ કરાવવાનો પ્રારંભ કર્યો. જિન પ્રાસાદ અર્ધો તૈયાર થયો ત્યારે તેને એવો સંશય થયો કે, મ્હેં હજારો ગમે દ્રવ્યનો વ્યય કરીને આ જિનપ્રાસાદ કરાવવા માંડયો છે. પણ એ પ્રાસાદ કરાવવાવડે મને કંઇપણ ફળ થશે કે નહિ ? એ રીતે સંશય કર્યા પછી ફરી તેણે ચિન્તવ્યું કે હા. ઇતિ ખેદે ! મ્હેં બહુ માઠું ચિન્તવ્યું. પ્રાસાદ કરાવ્યાનું ફળ મ્હને થશેજ. એમ ચિન્તવીને તેણે સંપૂર્ણ ભાવથી તે જિન પ્રાસાદ પૂર્ણ કરાવ્યો. આવખું પૂર્ણ થયે તમે બંને મરણ પામ્યા. સુંદરનો જીવ હતો તે બહુ અજ્ઞાન કષ્ટથકી હિંસાદિ પાપ કરીને તું પાપબુદ્ધિ રાજા થયો. અને પુરંદરનો જીવ તો શ્રી જૈનધર્મના પસાયથી જિનબિંબની પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, ગુરૂભક્તિ, સાધર્મી વાત્સલ્ય, પૌષધ અને અનેક અનાથજનોને દાનાદિ પુણ્ય કરણી કરીને તું સમૃદ્ધિવાન્ ધર્મબુદ્ધિ નામે મંત્રી થયો. તે સાંભળીને તે બંને–રાજા અને મંત્રી–દીક્ષા ગ્રહણ કરી તપ તપી ચારિત્રાદિકને આરાધી, કેવળજ્ઞાન પામીને, મોક્ષે સિધાવ્યા કહ્યું છે કે પુન્યશાળી આત્માને અહીંજ આરોગ્ય, સૌભાગ્ય, ધનાઢયતા, નાયકતા, આનંદ, સદાજય અને વાંછિત ફળની પ્રાપ્તિ થાય છે.

પ્રગટ પ્રભાવવાળો જૈન ધર્મ, સંતસાધુજનોની સંગતિ, સારા વિદ્વાનલોકો સંગાતે મિત્રતા, બોલવામાં હુશીયારી, સર્વ શાસ્ત્રમાં કુશળતા, રૂડી નિર્દોષ ( ન્યાયોપાર્જિત ) લક્ષ્મી, સદ્‌ગુરૂઓની સેવા, શુદ્ધ–નિષ્કલંકશીલ, અને નિર્મળ મતિ એ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટલાં વાનાં ભાગ્યવંત–પુણ્યશાળી જીવોને જ પ્રાપ્ત થઇ શકે છે. રમણીક વસ્તુઓ મેળવવાને મન ઉત્કંઠિત થયે છતે જ્યારે તે વસ્તુ તને મળી શકતી નથી, ત્યારે તું મનમાં ખેદ કરે છે, તેમાં કંઇ આશ્ચર્ય નથી. જો તે વસ્તુઓ મેળવવા વાંછા જ હોય તો પુણ્ય–સુકૃત્ય કર. કેમકે પુણ્ય વગર વાંછિત અર્થની પ્રાપ્તિ થઇ શકતી નથી જ. વળી વનમાં, રણ–સંગ્રામમાં, શત્રુમાં જળમાં અને અગ્નિના મધ્યમાં, મહાસાગરમાં અથવા પર્વતના શિખર ઉપર સુતેલા, પ્રાણીને તેનાં પૂર્વકૃત પુણ્યજ રક્ષે છે. ઇતિ શ્રી ધર્મ પરીક્ષા ઉપર પાપબુદ્ધિ રાજા અને ધર્મબુદ્ધિ મંત્રીના સંવાદમાં પ્રસંગાગત કામઘટ કથા પ્રબંધ સમાપ્તઃ

સમાપ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# शास्त्रकृत आशिष.

शिवमस्तुसर्व्वजगतः, परहित निरताभवंतुभूतगणाः
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखीभवंतुलोकाः ॥ १ ॥

વિશ્વત્રયમાં અખંડ શાંતિ પ્રસરો! સમસ્ત પ્રાણીવર્ગ પરોપકાર રસિક બનો, દોષમાત્ર નિર્મૂળ થાઓ ? અને સર્વત્ર સહુ કોઈ લોકો સુખી થાઓ.

# परमार्थ भावना.

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा;
परसुख तुष्टिर्मुदिता, परदोषो पेक्षण मुपेक्षा. ॥ २ ॥

અન્યજીવોનું હિત શ્રેય કલ્યાણ થાય એવી અંતરની લાગણી રાખવી તે **મૈત્રી**, અન્યજીવોનાં દુઃખનો અંત આવે એવી ઉંડી લાગણીથી યથાશક્તિ પ્રયત્ન કરવો તે **કરૂણા** અન્ય જીવોની સુખ સમૃદ્ધી અથવા ગુણ ગારવ દેખી દીલમ પ્રમુદિત ( રાજી રાજી ) થવું, તે **મુદિતા**, અને અન્ય જીવોનાં અનિવાર્ય ( અત્યંત કઠોરતા, નિર્દયતા, ઇર્ષા, નિંદા પ્રમુખ ) દોષો તરફ ઉપેક્ષા કરી તેમના ઉપર રાગદ્વેષ નહી લાવતાં તેમને કર્મવશ વર્તી જાણી **સમભાવે** રહેવું તે **ઉપેક્ષા** ભાવના છે.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust